CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૯
તા.૦૫-૧૦-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ આસો સુદ - પુનમ
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૪ સૂર્યાસ્ત : ૦૬:૨૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૨ | વડોદરા | ૩૭.૦ |
| અમદાવાદ | ૩૮.૮ | સુરત | ૩૬.૬ |
| ગાંધીનગર | ૩૯.૨ | નલિયા | ૩૩.૬ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal


# રખેવાળ


ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...







# લોકહિતમાં જીએસટી કાયદામાં સુધારા કરાશે : મોદી

## નોટબંધી અને જીએસટી ઐતિહાસિક : ૮મી નવેમ્બર ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન દિવસ બની રહેશે : મોદી : વિરોધપક્ષો કાવતરા ઘડી રહ્યા છે અને તેમને વિકાસ દેખાતો નથી

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અર્થતંત્રમાં મંદીને લઈને હોબાળો મચાવી રહેલા વિરોધ પક્ષો અને ટિકાકારોની જોરદાર ઝાટકણી કાઢી હતી અને એક પછી એક તમામ આંકડાઓ રજૂ કરીને સરકાર દ્વારા કરવામાં આવેલા કામોને રજૂ કર્યા હતા. વડાપ્રધાને વિકાસ સાથે સંબંધિત તમામ આંકડા રજૂ કરીને અગાઉની સરકારની કામગીરી અને પોતાની સરકારની કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, મધ્યમ વર્ગ અને ગરીબો માટે આ સરકાર કામ કરી રહી છે જેના તમામ સારા પરિણામ હવે હાથ લાગી રહ્યા છે. મોદીએ વેપારીઓને થઈ રહેલી તકલીફની વાત કરીને કહ્યું હતું કે, જીએસટીમાં જો જરૂર પડશે તો લોકોના હિતમાં સુધારા પણ કરાશે. આઈ સીએસઆઈના ગોલ્ડન જ્યુબિલી સેલિબ્રેશન પ્રસંગે મોદી પહોંચ્યા હતા પરંતુ મોદીનું ધ્યાન ગગડી રહેલી અર્થ વ્યવસ્થા પર સરકારના જવાબ ઉપર કેન્દ્રિત રહ્યું હતું. મોદી સંપૂર્ણ તૈયારી સાથે આવ્યા હતા. મોદીએ યોજનાઓ અને વિકાસના વિગતવાર આંકડા દર્શાવીને કહ્યું હતું કે, અર્થવ્યવસ્થામાં ખુબ જ હકારાત્મક ચીજો ચાલી રહી છે. વિરોધપક્ષો કાવતરા ઘડી રહ્યા છે અને તેમને વિકાસની બાબત દેખાઈ રહીનથી. તેવો આક્ષેપ કરતા કહ્યું હતું કે, જીએસટી અને નોટબંધી ખુબ જ ઐતિહાસિક નિર્ણય છે. મોદીએ ઉમેર્યું હતું કે, આવનાર સમયમાં નોટબંધીનો દિવસ એટલે કે ૮મી નવેમ્બર તો ઈતિહાસમાં ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાનના પ્રારંભનો દિવસ બની જશે અને આને આ રીતે મનાવવામાં આવશે. થોડાક દિવસ પહેલા જ ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિંહાએ અર્થવ્યવસ્થાને લઈને સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. જીડીપી ૫.૭ ટકાથી નીચે જતો રહ્યો છે અને નાણાંમંત્રીએ અર્થવ્યવસ્થાને ડુબાડી દીધી છે તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. વિપક્ષે પણ કેન્દ્રની નીતિઓને લઈને પ્રહાર કર્યા છે.

## ડાયમંડ કંપનીનું ૫૦૦ કરોડમાં ઉઠમણુ: ગુજરાતી વેપારીઓને અસર

નવી દિલ્હી

વિદેશની જાણીતી ડાયમંડ કંપનીઓએ નાદારી નોંધાવી છે જેની સીધી અસર ગુજરા તના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો પર પડી છે. અમેરિકા અને બેલ્જીયમમાં ડાયમંડનો વ્યવસાય કરતી કંપનીએ તહેવારના સમયે નાદારી નોંધાવી છે ત્યારે ખાસ કરીને ગુજરાતમાં સુરતમાં ડાયમંડના વેપાર પર ટકેલી કંપનીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. અમેરિકા અને બેલ્જીયમ માં ડાયમંડનો ધંધો કરતી વિશ્વની જાણીતી ડાયમંડ કંપનીએ ચેપ્ટર ૧૧ હેઠળ રૂપિયા ૫૦૦ કરોડમાં નાદારી નોંધાવતા સુરતના હીરા ઉદ્યોગકારોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. દિવાળી નજીક આવીને ઉભી છે ત્યારે કરોડો રૂપિયાની રકમ ફસાઈ પડવાથી મોટી કંપનીઓની હાલત કફોડી થઈ છે. સુરત, મુંબઈ અને એન્ટવર્પના ૧૫ જેટલા ગુજરાતી વેપારીઓના કરોડો રૂપિયા ફસાઈ જતા દિવાળીના પેમેન્ટ પર મોટી અસર પડે તેવી સંભાવના જોવાઈ રહી છે.

## વિચાર વૈભવ...

### બાળકોને ક્યારેક આવું પણ કહીએ અને કરીએ!

મારા પ્રિય સંતાન...

સવારે... ...

... તારો ચહેરો નજરે પડતાં જ હું તારી સામે સ્મિત કરીશ. તારે ઊઠવામાં મોડું કેમ થયું એવું કહી તને ધમકાવીશ નહીં.

... જો ઉતાવળ નહીં હોય તો હું તને નિરાંતે નહાવા દઈશ. બાથરૂમમાં છબછબિયાં પણ કરવા દઈશ.

... તારે નિશાળ નહીં હોય ત્યારે હું જે કહું તે નહીં, પરંતુ તને જે ગમે તે કપડાં પહેરવા દઈશ.

... તારી રિક્ષા આવવાની વાર હશે તો આજુબાજુવાળા સાથે ગપ્પાં મારવાને બદલે તારી સાથે ઘડીક રમીશ કે સરસ વાતો કરીશ.

... રજાના દિવસે મારું કામ, કપડાં કે વાસણ થોડીવાર માટે છોડીને તારી સાથે હું રમીશ.

બપોરે... ...

... સાફસૂફી કે બપોરનાં વાસણ પડતાં મૂકીને હું તારી સાથે છાપાનું ક્રોસવર્ડ ભરીશ, કે આપણે તારા મૅગેઝિનના કોયડા ઉકેલીશું!

... તારું લેસન પૂરું થઈ જાય પછી આપણે પડ્યાં પડ્યાં વાતો કરીશું.

... જો તને ગમશે તો કાગળનાં રમકડાં બનાવીશું કે માટીકામ કરીશું.

... જો સમય મળશે તો આપણે બંને આપણા બગીચામાં કામ કરીશું કે ઘરમાં જ કાંઈક રમીશું.

સાંજે... ...

... હું મારું ફોન- ચેટિંગ કે વોટ્સ-એપ વગેરે બંધ રાખીશ. મારા કોમ્પ્યૂટરને હાથ પણ નહીં લગાવું, ટીવી પણ નહીં જોઉં પરંતુ પાછળના વાડામાં કે આગળના ઓટલા પર બેસીને આપણે બંને સાબુના પરપોટા કરીશું!

... હું તારા પર જરા પણ બૂમાબૂમ નહીં કરું. તું કદાચેય બૂમો પાડશે તો પણ હું તને ખખડાવીશ નહીં.

... તું ચૉકલેટ માંગશે તો તને એના માટે ટટળાવીશ કે રડાવીશ નહીં, ઊલટાનું આપણે બંને જોડે બેસીને ખાઈશું!

... તું ભવિષ્યમાં શું બનીશ એની ચિંતા હરગીઝ નહીં કરું અને એને લઈને તને હેરાન પણ નહીં કરું!

... કોઈક કોઈક વાર તને કંટાળાજનક ટ્યૂશન કલાસમાં મોકલવાને બદલે આપણા ગ્રાઉન્ડમાં સાઈકલ ફેરવવા દઈશ.

... હું ખરીદી કરવા જઈશ ત્યારે તને જોડે લઈ જઈશ અને તારી જીદ માટે તને ત્યાં એક પણ ધમકી નહીં આપું.

... પાછા આવીને તને ગળે લગાડીને એકવાર જરૂર કહીશ કે હું તને ખરેખર ખૂબ જ ચાહું છું.

... તને ફળિયાની ધૂળમાં ધરાઈને રમવા દઈશ. મોડી સાંજ સુધી તારા ભાઈબંધો કે બહેનપણીઓ સાથે શેરીમાં રમવા દઈશ.

રાત્રે... ...

... તારી સાથે બેસીને તારી સ્કુલની વાતો સાંભળીશ. તારા મિત્રો અંગે પણ આપણે વાતો કરીશું.

... મારી પ્રિય ટી.વી. સિરિયલ જોવાનું મૂલતવી રાખીને જમ્યા પછી આપણે બંને આપણા નજીકના બગીચામાં આંટો મારવા જઈશું.

... બધી લાઈટો બંધ કરી ફળિયામાં કે અગાસીમાં પડ્યાં પડ્યાં આપણે તારા જોઈશું! અરે! ગણીશું!

... તને ઊંઘ આવશે ત્યારે તને સરસ મજાની વાર્તા કહીશ.

... સૂતાં પહેલાં તું જ્યારે આંખ બંધ કરીને પ્રાર્થના કરીશ ને ત્યારે તારા વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં હું મને આવી સરસ ભેટ આપવા બદલ ભગવાનનો આભાર માનીશ.

અને હા, એ સમયે હું એવાં હજારો માતા- પિતા માટે પણ મારા ખરા અંતઃકરણથી પ્રાર્થના કરીશ જેમાં બાળકો કાં તો ખોવાઈ ગયાં હોય અથવા તો એમનાથી દૂર થઈ ગયાં હોય. ઈશ્વરને એવાં લાખો માબાપને હિંમત આપવાનું કહીશ કે જેમનાં બાળકો દવાખાનાના ખાટલા પર દર્દથી પીડાઈ રહ્યા હોય. હું એવાં માબાપ માટે પણ પ્રાર્થના કરીશ કે જેમનાં બાળકોને મૃત્યુએ છીનવી લીધા હોય.

મારા સંતાન! હું એ વખતે તને ખાસ્સી વાર સુધી ગળે વળગાડીને વહાલ કરીશ અને તું સૂઈ જા પછી ભગવાનનો આભાર માનતાં એમની પાસે બીજું કંઈ પણ નહીં માંગું. બસ, એમને એટલું જ કહીશ કે એ મને તારી સાથે આવો એક દિવસ વધારે આપે! અને એ રોજ આપે!

ડૉ.આઈ.કે.વીજળીવાળા

## સરહદી રાધાનેસડા ખાતે આજે સોલાર પાર્કનું ખાત મુહૂર્ત થશે

**વર્ષોથી વીજળીની પાયાની સુવિધાથી વંચિત ગામમાં અજવાળા પથરાશે**

**રાજ્યમંત્રી ચીમનભાઈ સાપરીયા અને શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતીમાં ખાતમુહૂર્ત**

ડીસા

વાવ તાલુકાના સરહદી રાધાનેસડા ગામે આજે સોલાર પાર્કના કામોનું ખાત મુહૂર્ત થનાર છે. જેના પરીણામે વર્ષોથી વીજળી જેથી પાયાની સુવિધાથી વંચિત ગામમાં અજવાળા પથરાશે.

વાવ તાલુકાના ભારત - પાકિસ્તાન બોર્ડર નજીક આવેલા રાધાનેસડા ગામ આઝાદી મળ્યાના વર્ષો બાદ પણ વીજળીની સુવિધાથી વંચિત હતુ રાજ્ય સરકાર દ્વારા ત્યાં સોલાર ઉર્જાનો અભીગમ અપનાવતાં અત્યારે આ ગામ વીજળીથી ઝળહળતું થયુ છે. ગામમાં બી.એસ.એફ. કેમ્પ, પ્રાથમિક શાળા, આંગણવાડી, અને પાણીની ટાંકી માટે વિજળીની સુવિધા હતી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા બી.પી.એલ. લાભાર્થીઓને મફતભાઈ અને એ.પી.એલ. કાર્ડ ધારકોને માત્ર ૪૫૦૦ રૂપિયામાં સોલાર લાઈટ સહિત ઘર દીઠ પંખા, બેટરી, સોલાર પ્લેટ, સ્વીચ બોર્ડ અને વાયર આપી અજવાળા પાથર્યા છે. રાધાનેસડા, લાંપડીયા, પેપળીયા સહિતના સયુક્ત ગામમાં રબારી, પટેલ અને ઠાકોર સમાજ મળી અંદાજીત બે હજારની વસ્તિ છે. સરકારના અભિગમથી અત્યારે દરેક ઘરે વીજળીની સુવિધા મળી છે.

આજે ગુરૂવારે સવારે ૯.૦૦ કલાકે રાજ્યના ઉર્જા અને કૃષિ કલ્યાણ મંત્રી ચીમનભાઈ સાપરીયાના અધ્યક્ષ સ્થાને અને રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં ૭૦૦ મેગા વોટ અલ્ટ્રા મેગા સોલાર પાર્કના કામોનું ખાત મુહૂર્ત થશે.

## પાલનપુરના ડીસા હાઈવે પર અકસ્માતમાં ૧નું મોત:૧ ઘાયલ



સંજય જોષી

ડીસા

પાલનપુર-ડીસા હાઈવે પર બાલાજી પાર્ક સોસાયટી સામે ડીસાના બાઈક ચાલકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ૧ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જયારે ૧ ઘાયલ થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ માં ખસેડાયો હતો. ડીસાના ડોલીવાસમાં રહેતા મુસ્લિમ સમાજના બે યુવકો બાઈક પર આવી રહ્યા હતા. ત્યારે તેઓને અકસ્માત નડ્યો હતો. જેમાં સોહીલ મનવર હુસેન શેખ ઉ.૩૩ રહે. ડોલીવાસ, ડીસાનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જયારે મહંમદ શિરાજુદ્દીન શેખ ઉ.૩૩ રહે.ડીસાને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેને રિક્ષા મારફતે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જોકે, ૧૦૮ ઈમરજન્સી સેવા તાકીદે ન મળતા એક વ્યક્તિને સમયસર સારવાર ન મળતા તેનું મોત નિપજ્યું હોવાનું ઘટનાસ્થળે ચર્ચાસ્પદ બન્યું હતું.

દરમિયાન, ઉપસ્થિત લોકોને ૧૦૮ ની રાહ જોયા બાદ અકસ્માતગ્રસ્ત યુવકોને રિક્ષામાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી.

## થરાદ વાવ રોડ પર બે અકસ્માતમાં એકનું મોત : ૧૦ ને ઈજા

વિષ્ણુ દવે





**ઈજાગ્રસ્તોને સારવાર માટે શહેરની સરકારી અને ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા**

થરાદ

થરાદ વાવ રોડ પર સર્જાયેલી રોડ અકસ્માતની બે ઘટનાઓમાં એક વ્યક્તિનું મોત નિપજ્યુ હતું. જ્યારે દસને ઈજાઓ થતાં સારવાર માટે શહેરની સરકારી અને ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.આ બનાવની સાંજ સુધીમાં પોલીસ દફતરે કોઈ ફરીયાદ નોંધાવા પામી ન હતી. બનાવથી અરેરાટી મચવા પામી હતી.

થરાદના ઢીમા ત્રણ રસ્તા પાસે થી પસાર થઈ રહેલી એક ઓટો રિક્ષાના ચાલકે એક બાઈકચાલકને બચાવવા જતાં પલ્ટી મારી હતી. આથી રિક્ષામાં બેઠેલા ત્રણ મુસાફરોને ઈજા થવા પામી હતી.જ્યારે રસ્તા પર રિક્ષા પલ્ટી ખાવાના કારણે રસ્તા પર જઈ રહેલા એક રાહદારી ને પણ ઈજા થવા પામી હતી આથી ઈજા પામેલ ચારેય ને સારવાર માટે શહેરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે બુધવારની સાંજના સુમારે થરાદ વાવ હાઈવે રોડ પર ચારડા ગામ પાસે એક કમાન્ડર જીપ અને છકડો રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાવા પામ્યો હતો. જેમાં માંગરોળ માતાજીનાં દર્શન કરીને પરત આવી રહેલાં વાવ તાલુકાના ખીમાણાવાસના છ સ્ત્રી પુરુષોને ઈજાઓ થવા પામી હતી.

જ્યારે અજાણ્યા જીપ ચાલકનું ગંભીર ઈજાના કારણે ૧૦૮માં સારવાર માટે ખસેડાયા બાદ સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું.

જ્યારે ઈજાગ્રસ્તો ગોમતીબેન ઈશ્વરભાઈ દલિત (૩૦, ઈશ્વરભાઈ હરદાસભાઈ દલિત (૩૨) સંતોકબેન જીવાભાઈ રાવળ (૪૫) રમેશભાઈ જીવાભાઈ રાવળ (૨૫) મફી બેન શંકરાભાઈ રાવળ (૩૦) તથા મીરાબેન પ્રભુપુરી ગૌસ્વામી (૩૮) રહે. ખીમાણાવાસ તા.વાવને સરકારી દવાખાને ખસેડાયા હતા. જોકે ત્યા પણ યોગ્ય સારવાર નહી મળ્યાના આક્ષેપ સાથે શહેરની ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા. આ બનાવથી ચકચાર મચવા પામી હતી.જોકે પોલીસ દફતરે સાંજ સુધી પોલીસ ફરીયાદ નોંધાવા પામી ન હતી.


હૃદયની વ્યાપક સારવારનો વિશ્વાસપાત્ર વિકલ્પ...

NH Narayana Multispeciality Hospital
Unit of Narayana Health




નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ, અમદાવાદના સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરની માર્ગદર્શન શિબિર હવે આપના પાલનપુરમાં

ડૉ. અતુલ મસ્લેકર
કાર્ડિયાક સર્જન, MS, M.Ch. (AIIMS) FIACS

શું તમે નીચેની હૃદય રોગ સંબંધિત સમસ્યાઓથી પીડિત છો?
- હાર્ટ એટેક આવેલ હોય તેવા દર્દીઓ
- બાયપાસ સર્જરી અથવા અન્ય હૃદયની સર્જરીની સલાહ મળેલ હોય તેવા દર્દીઓ
- વાલ્વની જન્મજાત ખામી
- હૃદયનું અસાધારણ રીતે ધબકવું
- એન્જીયોગ્રાફી કરાવેલ હોય તેવા દર્દીઓ
- હૃદયના પડદામાં કાણું હોવું
- છાતી અથવા ફેફસામાં ગાંઠ હોવી

તારીખ : 7 ઑક્ટોબર 2017, શનિવાર
સમય : 10:00 am to 1:00 pm
સ્થળ : માવજત મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ, માનસરોવર પાસે, પાલનપુર.

વધુ માહિતી માટે સંપર્ક કરો : 89800 22547, 99789 94706

નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ, નારાયણા BRTS બસ સ્ટેન્ડ પાસે, રખિયાલ, અમદાવાદ. | www.nhahmedabad.org



CMYK

**સૂર્યોદય - ૬.૩૪ સૂર્યાસ્ત - ૬.૨૪**

## તિથિદર્શન
આસો સુદ-૧૫ ગુરૂવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :પુનમ ગુરૂવાર નક્ષત્રઃ ઉત્તર ભાદ્રપદ રાત્રે ૮.૫૦ પછી રેવતી યોગ :વૃદ્ધિ કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**કરોતુ નામ નીતિજ્ઞો વ્યવસાય મિલ્ત નઃ ફલં પુનસ્ત દેવાસ્ય યુદ્ધિર્ધેર્મનસિ સ્થિત્મ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - ‘નસીબનો મહિમા’નો આ શ્લોક છેઃ-

‘કાર્યની પદ્ધતિ- યોજના- આયોજનને પણ જાણનારો મનુષ્ય આમતેમ માથાં મારી મારીને ગમે તેટલા ધંધા કરે પરંતુ તેનું ફળ તો તે નસીબે જ પોતાના મનમાં જે ધાર્યું હશે તે જ મળવાનું છે.’

અત્યારે વિશ્વમાં મંદી ચાલે છે. અત્યંત આધુનિક સાધનસંપત્તિ અને બૌદ્ધિક માનવધન ધરાવતા વિકસિત દેશો ચીન- જાપાન- અમેરિકા- બ્રિટન જેવા દેશો પાસે સંપત્તિ અને સાધન છે. આયોજન અને કાર્યપદ્ધતિ છે. નિષ્ણાતનું બુદ્ધિધન છે. છતાંય જાપાનમાં સુનામી આવતાં જે અણુ રિએક્ટરનો ભય ઉત્પન્ન થયો ત્યારે ત્યાં કેવી લાચારી ઊભી થઈ?

અમેરિકા જેવા આધુનિક દેશમાં વાવાઝોડાં, વરસાદ અને ગરમીના કહેર આગળ એમનું આયોજન- વિચારણા- વિજ્ઞાન કેવાં લાચાર બની તણાઈ ગયાં! અને ગરમીમાં શેકાઈ ગયા?!

ચીનની માનવસંપત્તિ અને મહેનત પણ પુરમાં ખેંચાઈ ગઈ. નસીબ જો વાંકાં હોય તો માણસ ગમે તેટલા ધમપછાડા કરે છતાંય પછડાટ ખાવાનું લખ્યું હોય તો ખાવી જ પડે. આ છે નસીબની બલિહારી.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) હિતશત્રુઓથી સાવધ રહેવું. કાર્યબોજ હળવું બને.**

**વૃષભ : (બ.વ.ઉ.)અટકેલા કાર્યો પૂર્ણ થાય. માંગલિક પ્રસંગોમાં ધન વ્યય થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) જીવનસાથીથી સ્નેહ રહે. મનની મુરાદ પૂરી થાય.**

**કર્ક : (ડ.હ.) બગડેલા કાર્યો સુધારી શકશો. ભાગીદારી સાથે સંઘર્ષ થાય.**

**સિંહ : (મ.ટ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આર્થિક સમસ્યા હળવી બને.**

**કન્યા : (પ.ઠ.ણ.) નવિન સમાચાર મળે. મનની ઇચ્છા પૂર્ણ થાય.**

**તુલા : (ર.ત.) ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ. ગૃહવિવાદના ભોગ બનવું પડે.**

**વૃશ્ચિક : (ન.ય.) વાદ-વિવાદમાં સંભાળવું. વ્યર્થ ચિંતા ટળશે.**

**ધન : (ભ.ફ.ધ.) જીવનસાથીથી વાણી ઘર્ષણ થાય. મનમાં ક્રોધ રહે.**

**મકર : (ખ.જ.) વ્યર્થ ગુપ્ત ચિંતા સતાવે. પારિવાર તથા મિત્રોનો સહકાર મળે.**

**કુંભ : (ગ.શ.સ.) વાક્ય ચતુરાઇથી સફળતા મળે. વિરોધીઓ પાછા પડે.**

**મીન : (દ.ચ.જ.થ.)નવિન કાર્યોમાં સફળતા મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

અંગ્રેજી ભાષાને તેની અસ્મિતા અપાવનાર જયોર્ફે યોસરની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ.૧૩૪૦ માં લંડનમાં થયો હતો. યોસરની કવિપ્રતિભા એમની અમર કૃતી કેન્ટરબરી ટેઈલ્સમાં પૂર્ણતઃ ખીલી ઉઠ છે. તા. ૫-૧૦-૧૪૦૦ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૮૦૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૦૪.૧૦.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૯૪૪) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૦૩ પોઈન્ટના પ્રથમ અને ૯૮૮૧ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૭૭ પોઈન્ટ થી ૯૯૯૩ પોઈન્ટ, ૧૦૦૦૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) કોટક બેન્ક (૧૦૩૧) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૧૯ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૦૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૦૪૯ થી રૂ.૧૦૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૦૬૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) રિલાયન્સ ઇન્ડ (૮૨૬) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ રૂ.૮૧૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૦૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૮૪૧ થી રૂ.૮૫૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) ગ્લેનમાર્ક ફાર્મા (૬૦૪) :- રૂ.૫૯૦ પ્રથમ તેમજ રૂ.૫૭૭ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૧૭ થી રૂ.૬૨૬ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) રિલાયન્સ કેપિટલ (૫૭૯) :- ફાઇનાન્સ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૫૯૩ થી રૂ.૬૦૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૫૬૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ ઇન્ફ્રા (૪૬૮) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૫૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ઇન્ફ્રાસ્ટ્રાકચર સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૮૧ થી રૂ.૪૯૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૭૯૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૧૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૭૭ થી રૂ.૧૭૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૧૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) HDFC લિમિટેડ (૧૭૭૯) :- રૂ.૧૮૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૧૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૭૭૭ થી રૂ.૧૭૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૧૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ACC લિમિટેડ (૧૬૬૧) :- સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૬૭૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૬૪૪ થી રૂ.૧૬૩૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૪૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૬૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૩૦ થી રૂ.૧૨૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૨૬૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) AXIS બેન્ક (૫૦૬) :- રૂ.૫૧૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૯૪ થી રૂ.૪૮૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# વિરોધ પ્રદર્શનોને લઈ, ગાંધીનગર સચિવાલયના તમામ મુખ્ય પ્રવેશ દ્વારો મુલાકાતીઓ માટે બંધ

ગાંધીનગર

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી સચિવાલયમાં વિવિધ જ્ઞાતિ સંગઠનના મોરચાઓ સીધેસીધા સરકારના વિભાગો અને મંત્રીઓની ચેમ્બરમાં ઘુસી હલ્લાબોલ કરે છે. ત્યારે તેવા સંજોગોમાં સરકાર અને વિવિધ વિભાગોના વડાઓને મોરચાઓના પ્રશ્નોના જવાબ આપવો અઘરો પડે છે. આજે દલિત સમાજમા રેલીની સાથે સાથે નર્સિંગની બહેનો અને અન્ય એક સંગઠન દ્વારા આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જેના પગલે આજે સવારથી જ સચિવાલયના તમામ પ્રવેશ દ્વારો પર મુલાકાતીઓ માટે પ્રવેશ બંધ કરવામાં આવી હતી.

વર્તમાન ભાજપ સરકાર વિસદવ વિવિધ સંગઠનો અને મોરચાઓ દ્વારા પ્રશ્નોના નિરાકરણ માટે દેખાવ કાર્યક્રમો આયોજીત કરવામાં આવે છે. સાથે સાથે આવેદન પત્ર આપવા અને મંત્રીઓને રૂબરૂ રજુઆત કરવા આવા સંગઠનોના હોદ્દદારો યેનકેન પ્રકારે બહાના બાજી કરી સચિવાલયમાં પ્રવેશ મેળવી નિશ્ચિત જગ્યાએ તમામ એકઠા થઈ જાય છે. અને ત્યાર પછી મંત્રીઓની ઓફીસો અને વિભાગીય વડાઓની કચેરીઓમાં હલ્લાબોલ કરે છે. ત્યારે વિરોધ ને ઠાળવા અને રજુઆત કરનાર સંગઠનો, મોરચાઓ સીધે સીધા મંત્રીઓની ચેમ્બર સુધી પહોંચે નહી અને વાતાવરણ ડહોળાય નહી તેમાટે સસિવાલયના મહત્વના પ્રવેશ દ્વારો પર અગાથીજ પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે. જોકે બપોરે ૧:૦૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટેના પ્રવેશ પામતા કાઉન્ટર પણ બંધ કરી દેવામાં આવ્યા હતા અને દલિત યુવાનોની અટકાયત બાદ પુનઃ મુલાકાતીઓ ના પ્રવેશ પાસ કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ગુજકેટ, અને ફી નિયમન જેવા મુદ્દે શિક્ષણ મંત્રી અને નાયબ મુખ્ય મંત્રીની ચેમ્બરમાં વિદ્યાર્થીઓ અને વાલીઓના કહેવા મુજબ અગાઉ મંત્રીઓની ચેમ્બરમાંજ હલ્લાબોલ કરી વાતાવરણ ઉગ્ર બનાવ્યું હતું. જેના કારણે ફરીથી આવું થાય નહી તે માટે સતર્કતા ના ભાગરૂપે બપોર સુધી સામાન્ય નાગરીકો માટે પ્રવેશ પ્રતિબંધ ફરમાવામાં આવ્યો હતો.

જોકે દુરદુરથી આવતા નાગરીકો ને પ્રવેશ પ્રતિબંધ અંગે કોઈ માહિતી નહી હોવાના કારણે એક સમયે તેવો અટવાઈ ગયા હતા. તો બીજી તરફ સરકારી કામ અર્થે આવતા સરકારી કર્મચારીઓ માટે સલામતી વિભાગે તમામ પ્રવેશ દ્વારો પર અલગ રજીસ્ટ્રર રાખ્યું હતું જેમાં જે તે કર્મચારી - અધિકારીના આઈડીની ખરાઈ બાદ અને તપાસ બાદ જ તેમને પ્રવેશ આપવામાં આવતો હતો. જેના કારણે સલામતી વિભાગની કડક પ્રક્રિયાથી કેટલાક અધિકારીઓ અને સલામતી રક્ષકો વચ્ચે શાબ્દિક ઘર્ષણ થવાના દશ્યો સર્જાયા હતા.

જ્યારે આવું કરવા પાછળનું મુખ્ય કારણ ઉચ્ચ કક્ષાએથી કડક સૂચના અપાઈ હોવાનું પણ મનાઈ રહ્યુ છે. અને અગાઉ થયેલી ભૂલ ફરીથી થાય નહી અને સંગઠનો સીધે સીધા મંત્રીઓ પર હલ્લાબોલ કરી વિરોધ પ્રદર્શન કરે તે માટે કડક પગલા લેવાના આદેશો કરવામાં આવ્યા હતા.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત સેમિનાર યોજાયો

**જંગલો અને વન્ય પશુ-પક્ષીઓનું રક્ષણ કરીએ - મુખ્ય વન સંરક્ષક મહેશસિંઘ**

પાલનપુર

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત રીછ અને માનવ વચ્ચે સંઘર્ષ અટકાવવાના ઉપાય વિષયક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ગાંધીનગર વન્ય જીવ વર્તુળના મુખ્ય વન સંરક્ષક મહેશસિંઘે જણાવ્યું કે જંગલો, જંગલની સંપદા અને પશુ-પક્ષીઓનું રક્ષણ કરવું તે આપણી સૌની પવિત્ર ફરજ છે. તેમણે કહ્યું કે પૂજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ પ્રસંગે દર વર્ષે વન વિભાગ ધ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તેમણે કહ્યું કે પશુ-પક્ષીઓના રક્ષણ અને સંવર્ધન તથા જંગલોના જતન માટે ભારતીય વાઈલ્ડ લાઈફ ધ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સિંઘે કહ્યું કે દેશના વિવિધ રાજયોમાં વન્યજીવો પ્રતિ લોકોની જાગૃત્તિ અને લાગણીમાં વધારો થાય તે હેતુથી બનાસકાંઠા જિલ્લા વન વિભાગ ધ્વારા આ સેમિનાર યોજવામાં આવ્યો છે.

વાઇલ્ડ લાઇફ ક્રાઈમના મુખ્ય વન સંરક્ષકશ્રી એસ.પી.સિસોદીયએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે રીછ જેવા હિંસક પ્રાણીઓના રસ્તામાં આપણે રૂકાવટ ન લાવીએ તેને ખલેલ ન પહોંચાડીએ તો તે હુમલો કરતું નથી. તેમણે કહ્યું કે કોઈપણ જંગલી પ્રાણીને રસ્તો મળી જાય તો તે તમારા પર હુમલો કરશે નહી. તેમણે વન વિભાગના અધિકારીઓને કહ્યું કે રીછ જેવા વન્ય પ્રાણીઓ હડકાયા થાય અથવા તો અલગ પ્રકારનું વર્તન કરી કોઈ માણસ પર હુમલો કરે તેવા સમયે રેસ્ક્યુ કરતી વખતે પણ સાવધાની રાખવી ખુબ જરૂરી છે.

**અનુસંધાન પાના નં.૬**

# કમાલી પ્રાથમિક શાળામાં ગાંધી જયંતિની ઉજવણી

કમાલી

કમાલી પ્રાથમિક શાળાના પ્રાંગણમાં ગાંધી જયંતિની ઉજવણી વાઈબ્રન્ટ કમાલી ગૃપના આયોજનથી કાર્યક્રમ કરવામાં આવ્યો કાર્યક્રમમાં આયદાનભાઈ સોલંકી (આચાર્ય કમાલી), ત્રિકમાભાઈ તરક (આચાર્ય ગોળીયા પ્રા.શાળા), અનિલભાઈ ચૌધરી (દૂધ ઉ.સ.કમાલી),રમેશભાઈ ચૌધરી, (ચેરમેન એસ.એમ.સી કમિટી પ્રા.શાળા) દિપારામ, શિવાભાઈ, ભેમાભાઈ, ભરતભાઈ, છોગાભાઈ, કેસરાભાઈ, રતિલાલ સોની, હરદાસભાઈ, શાંમળાભાઈ વગેરે ગામના ગ્રામજનોએ હાજરી આપી હતી અને ચા - નાસ્તો (પૈઓ) અનિલભાઈ ચૌધરી તરફથી રાખવામાં આવ્યા હતા અને શાળામાં અને ગામમાં કચરાપેટીઓ લાવવા માટે લોક - ફાળો કરવામાં આવ્યો હતો.

## લીંબોદર ગામે દલિત યુવક ઉપર હુમલાની ઘટના

# ગાંધીનગર અને અમદાવાદમાં વિરોધ દર્શાવવા જતાં જીજ્ઞેશ મેવાણી સહિત દલિત યુવકોની અટકાયત



ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના લીંબોદરા ગામમાં દલિત યુવાન પર હુમલાનો વધુ એક બનાવ બન્યો છે. જેના પગલે ગઈકાલે ગૃહમંત્રીના રાજીનામાંની અને હુમલાખોરો સામે કડક કાર્યવાહીની માંગ સાથે દલિત સમાજ દ્વારા રેલી કાઢવાનું આયોજન હતું પરંતુ દલિત નેતા જિજ્ઞેશ મેઘાણીની અમદાવાદ ખાતે અગાઉથી ધરપકડ કરાતાં રેલીનો કાર્યક્રમ સફળ રહ્યો ન હતો. પરંતુ દલિત સમાજના યુવકો અને જીજ્ઞેશ મેવાણીના સાથીદારો વિરોધ પ્રદર્શન કરવા સવિવાલયના ગેટ નં.૧ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. જો કે અગાઉથી તૈનાત પોલીસે તમામની અટકાયત કરી હતી.

ગાંધીનગર જિલ્લાના લીંબોદરા ગામમાં ગત ૨૫ મી સપ્ટેમ્બરના રોજ દલિત યુવાન પર ‘મૂછો’ રાખવાના મામલે હુમલાની ઘટના બની હતી. ત્યારબાદ ગઈકાલે પણ પરીક્ષા આપી ઘરે પરત ફરી રહેલા અન્ય એક દલિત યુવાનની પીઠ પર ઘા ઝીંકવાની ઘટના બની હતી જેના કારણે ગામના દલિત પરિવારોમાં ભયનો માહોલ સર્જાયો છે. દલિત સમાજ ઉપર વારંવાર થતા હુમલાની ઘટના સંદર્ભે ગઈકાલે ગૃહમંત્રીના રાજીનામાં માંગવાની અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરવાનો કાર્યક્રમ દલિત યુવા નેતા જીજ્ઞેશ મેવાણી દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. જો કે ગઈકાલથી કાર્યક્રમ સફળ નહી થવા દેવા સરકારે પોલસ તંત્રને કડક સુચના આપી હતી.

જેના પરિણામે કાર્યક્રમના આયોજક જિજ્ઞેશ મેવાણીની ગઈકાલે સવારથી જ અમદાવાદ એસ.ઓ.જી.એ ધરપકડ કરી હતી. તો બીજી તરફ ગૃહ રાજ્યમંત્રી વિરૂધ્ધનો કાર્યક્રમ સફળ બનાવવા દલિત સમાજના કેટલાક યુવાનોએ નવા સચિવાલય ગેટ નં.૧ ખાતે અચાનક ઘસી આવી ‘ગૃહમંત્રી રાજીનામું આપે’ તેવા સુત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા પરંતુ અગાઉથી તૈનાત પોલીસે સુત્રોચ્ચાર કરી રહેલા ૧૫ જેટલા દલિત યુવાનોની અટકાયત કરી ગેટ નં. ૧ ની અંદર જતો રોક્યા હતા.

# રાધાનેસડા સોલાર પાર્કના ખાત મુહૂર્તનો કોંગ્રેસ દ્વારા વિરોધ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના સરહદી રાધાનેસડા ગામે આજે ગુરૂવારે સોલારપાર્કનું ખાતમુહુર્ત થનાર છે. જેના વિરોધમાં ગઈકાલે વાવ યુવક કોંગ્રેસ દ્વારા વાવ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકાર દ્વારા દર વખતે માત્ર ખાતમુહુર્ત કરવામાં આવે છે પરંતુ ચાર મહીના સુધી કામ ચાલુ થતું નથી. આથી જુના કામોને પહેલાં પુર્ણ કરો અને આવા તાયફા બંધ કરો વાવ વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ ભૈરવદાન ગઢવીની આગેવાનીમાં ગઈકાલે વાવ મામલતદાર સમક્ષ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જે સમયે કોંગ્રેસ અગ્રણી ગેનીબેન ઠાકોર સહિત અગ્રણીઓ, કાર્યકરો હાજર રહ્યા હતા.

# દશેરા નિમિત્તે મુડેઠા માં ઘોડા દોડ યોજાઈ



સાદુલસિંહ રાઠોડ

મુડેઠા માં ઘોડા દોડ યોજાઈ દશેરા નિમિત્તે થેર થેર રાવણ નું દહન યોજવામાં આવે છે તો અમારા ગામમાં સાંજે ૪ થી ૫ ના ગાળામાં ઘોડા દોડ નુ આયોજન કરવામાં આવે છે.

# સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં ધોરણ - ૧૦ ના વિદ્યાર્થીઓના વાલીઓની ચિંતન શિબિર યોજાઈ



ડીસા

શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં તા.૧૬/૯/૨૦૧૭ ને શનિવારના રોજ ધોરણ ૧૦ અ/બ/ના વિદ્યાર્થીઓના વાલીઓની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ દિપપ્રાગ્ટય દ્વારા કરવામાં આવેલ. શાળાના આચાર્ય જગદીશભાઈ પરમારે આવેલ વાલીઓનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વાલીમંડળના પ્રમુખ તરીકે ભાવનાબેન ઠક્કરની નિમણૂંક કરવામાં આવી હતી. તેમજ સમિતિઓની રચના કરવામાં આવેલા સેમસ્ટર પરીક્ષા પદ્ધતિનું અને પરીક્ષા નજીક આવતી હોઈ વાલી તરીકે જાગૃત બની બાળક વધુમાં વધુ ગુણ પરીક્ષામાં લાવે તે માટે વાલી સતર્ક રહે તે બાબતે આચાર્યએ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત વિષય શિક્ષકોએ પણ માર્ગદર્શન આપ્યુ હતુ. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શિક્ષક કાશીરામભાઈ રોજગોરે અને આભાર વિધિ અશોકભાઈ પ્રજાપતિએ કરી હતી.

# ડીસા આદર્શ હાઈસ્કૂલની ત્રણ કૃતિ રજૂ કરાઈ

ડીસા

જિલ્લા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૨૦૧૭-૧૮ આદર્શ હાઈસ્કૂલ ડીસામાં સંકુલ કક્ષાનું યોજાયેલ. જે પ્રદર્શનમાં પ્રથમ ક્રમ મેળવી જિલ્લા કક્ષાએ એન.આઈ. બી.સ્કૂલ ઓફ સાયન્સ, પાલનપુર ખાતે ભાગ લીધેલ જેમાં આદર્શ હાઈસ્કૂલ, ડીસા દ્વારા જુદા જુદા ત્રણ વિભાગોમાં કૃતિઓ રજુ કરવામાં આવેલ. જેમાં એઈડસ-જનજાગૃતિ કૃતિમાં ત્રિવેદી વૃષાંક અને માળી દિનેશને માર્ગદર્શક વી.એમ. પટેલ, કેનાલનું સંરક્ષણ કૃતિમાં પંચાલ સંકેત કે. અને રાઠોડ જીતેન્દ્રસિંહ કે.ને માર્ગદર્શક શ્રીમતી કે.એમ.પટેલ અને ઘન કચરાનું રીસાયકલીંગ જયસ્વાલ પાર્થ ડી.અને રાજગોર કલ્પેશ બી.ને માર્ગદર્શક પી.જે. ટાંક તરીકે હતા.

# સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય ડીસામાં નવરાત્રિની ઉજવણી



ડીસા

શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં તા.૨૩/૯/૨૦૧૭ ને શનિવારના રોજ નવરાત્રી પર્વનું આયોજન કરવામાં આવેલ. સૌ પ્રથમ મા અંબાની આરતી કરવામાં આવેલ ત્યારબાદ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થી ભાઈ - બહેનોઓ નવરાત્રી પર્વમાં મન મૂકી જૂમી ઉઠ્યા હતા. આ પ્રસંગે ગરબા રમવામાં અને ટ્રેડીશનલ ડ્રેસમાં આવેલ વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર આપી શાળાના આચાર્ય જગદીશભાઈ પરમારના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા. સમગ્ર સ્ટાફના સાથ અને સહકારથી સંપૂર્ણ કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો હતો.

## બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ

# ડીસાની આદર્શ હાઈસ્કૂલની સતત બીજા વર્ષે શ્રેષ્ઠ શાળા તરીકેની પસંદગી

ડીસા

ખેલ મહાકુંભ ૨૦૧૭ અંતર્ગત વિવિધ રમતોનું આયોજન ગુજરાત સરકાર દ્વારા અને જિલ્લા રમત ગમત કચેરી પ્રેરીત કરવામાં આવ્યું . જેમાં આદર્શ હાઈસ્કૂલ, ડીસા, જુડો, ટેકવેન્ડો, કુસ્તી, લોન ટેનીસ, સ્કેટીંગ જેવી રમતોમાં જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભમાં બનાસકાંઠા જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે સતત બીજા વર્ષે પસંદગી પામી રાજયકક્ષાના ઈનામ વિતરણ કાર્યક્રમમાં તા.૨૮-૦૯-૨૦૧૭ ના રોજ નડીયાદ મુકામે યોજવામાં આવ્યો જેમાં પ્રથમ નંબરને એક લાખ પચાસ હજાર રૂપિયા કેબીનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા તથા રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી હસ્તે હરેશભાઈ પવાયાને ચેક તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. શાળાના પ્રધાન આચાર્ય દિપ્તીબેન સોની તથા સંચાલક મંડળના પ્રમુખ, મંત્રી તેમજ કારોબારી સભ્યો તથા શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામવા બદલ વ્યાયામ શિક્ષક હરેશભાઈ પવાયા, ઈશ્વરભાઈ રાવળ તથા શામળભાઈ ચૌધરીને શાળા પરિવારે બીરદાવ્યા હતા.

# “સ્કિલ ઈન્ડિયા” અભિયાનને એજ્યુવર્ક જાપાન પ્રોત્સાહન આપશે




અમદાવાદ

એજ્યુવર્ક જાપાન ઇએલઇ (અર્ન લર્ન અર્ન) પ્રોગ્રામ ઓ-હારા સ્કૂલ ઓફ બિઝનેસ સાથેજોડાણમાં ચલાવે છે, જેનો ઉદ્દેશ યુવાનોને નાણાકીય સ્વતંત્રતા સાથે તેમની પસંદગીનાં ભવિષ્યનું નિર્માણ કરવા તેમજ તેમનાંઉદ્દેશો પાર પાડવા સક્ષમ બનાવવાનો થછે. આ-હારા વિદ્યાર્થીઓને રોજગારદક્ષ બનાવવામાં માને છે અને એટલે જાપાનમાંતેમનાં શૈક્ષણિક વર્ષનાં ત્રીજા મહિનાથી પાર્ટા ટાઇમ જોબમાં સામેલ કરી શકાય તેવો ડિપ્લોમા પ્રોગ્રામ ડિઝાઇન કર્યો છે, જેનાં પરિણામે વિદ્યાર્થઈઓ તેમનો ખર્ચ (ટ્યુશન ફી અને રહેવાનો ખર્ચ) બહાર કાઢી શકે છે અને વિદ્યાર્થીઓને તાલીમ મળે છે તેમજ જાપાનની કાર્યસંસ્કૃતિ સમજવાની તક સાંપડે છે. એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ ઓ-હારા ગાકુએન સામાજિક વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધ અને સ્પેશ્યલાઇઝ એજ્યુકેશન મારફતે વિદ્યાર્થીઓનાં ભવિષ્યને આકાર આપવા કટિબદ્ધ છે. ઓ-હારા હોક્કાઈડોથી ઓકિનાવા સુધી મુખ્ય શહેરોમાં રાષ્ટ્રીય સ્તરે કિન્ડરગાર્ટન, હાઈ સ્કૂલ, વોકેશનલ સ્કૂલ અને ગ્રેજ્યુએટ સ્કૂલ સહિત આશરે ૧૦૮ સ્કૂલનું સંચાલન કરે છે તથા સ્પેશ્યલાઇઝ એજ્યુકેશન પ્રદાન કરે છે.

પ્રધાનમંત્રી મોદીનાં “સ્કિલિંગ ઈન્ડિયા” અભિયાનને પ્રોત્સાહન આપવા એજ્યુવર્ક જાપાને ભારતનાં ૨૯ શહેરોમાં એડમિશન ફેર અને વર્કશોપ્સનું આયોજન કર્યું છે, જેમાં ગુજરાત, પંજાબ, ઉત્તરાખંડ, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઉત્તર પૂર્વનાં ૬ રાજ્યોનાં મુખ્ય શહેરોને આવરી લીધા છે. આ ફેરમાં ઓ-હારા કોલેજનાં ડિરેક્ટર્સ અને ગાક્કીન હોલ્ડિંગ્સ કંપનીનાં બિઝનેસ ડિવિઝનનાં હેડ સામેલ થયા છે. આ પ્રોગ્રામની પ્રશંસા ટોક્યોમાં ભારતીય રાજદૂત દ્વારા કરવામાં આવી છે. તેમાં સ્કિલિંગ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાનો મુખ્ય આશય છે, જેમાં જાપાનમાં ૨૪ રોજગારલક્ષી ડિપ્લોમા કોર્સ ઓફર કરવામાં આવે છે.

# તંત્રી સ્થાનેથી ...

### જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં સફળતા નજીક હોય છે.

## શાળાઓની દુર્દશા રાજ્ય સરકારો માટે શરમજનક સ્થિતિ

ના તો એવી કોઈ સરકાર છે કે ના તો રાજકીય પક્ષ કે ના તો ખુદ રાજકીય નેતા, જેઓ સ્વયંને સમાજ અને રાષ્ટ્રના વિકાસ પ્રત્યે સમર્પિત ન દર્શાવાતા હોય પરંતુ પ્રાથમિક શાળાઓની દુર્દશા અંગે ઉચ્ચ ન્યાયાલયે વિભિન્ન રાજ્ય સરકારોને આપેલ ઠપકાથી સ્પષ્ટ થાય છે કે, સરકાર, પક્ષ કે રાજકીય નેતા પોતાની જાહેર કરેલી પ્રાથમિકતાઓ પ્રત્યે સ્હેજપણ પ્રતિબદ્ધ નથી. એક જનહિત અરજીની સુનાવણી દરમિયાન ઉચ્ચતમ ન્યાયાલયે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ સહિત ૧૩ રાજ્યોમાં પ્રાથમિક શાળાઓમાં એક મહિનામાં પીવાનું પાણી અને છ માસમાં તમામ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો આદેશ કર્યો છે.

આ આદેશના કારણે રાજ્ય સરકારો પ્રાથમિક શિક્ષણ પ્રત્યે ઘોર ઉપેક્ષા દાખવી રહ્યાની ગંભીર બાબત ઉજાગર થવા પામી છે. ખરેખર રાજ્ય સરકારો માટે આ શરમજનક બાબત નથી કે હજારો પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પીવાનું પાણી સુદ્ધાં ઉપલબ્ધ થતું નથી. આ શાળાઓ માટે વીજળી, શૌચાલય અને અન્ય સુવિધાઓ તો કદાચ વિલાસિતાપ્રધાન ચીજો ગણાય! મોટાભાગની પ્રાથમિક શાળાઓ સામાન્ય સુવિધાઓથી વંચિત હોવાની જ સમસ્યા નથી પરંતુ શિક્ષકોની ઘટની પણ મસમોટી સમસ્યા છે. કેટલાક રાજ્યોમાં શિક્ષકોની ખાલી જગ્યાનો આંકડો હજારોમાં છે. જેથી એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે, સર્વ શિક્ષા અભિયાન માત્ર કાગળિયા પર જ સફળ થઈ રહ્યું છે અથવા તો આવતી પેઢીની ગંભીર મશ્કરી કરવામાં આવી રહી છે.

પ્રાથમિક સુવિધાઓ અને પૂરતા શિક્ષકોના અભાવ વચ્ચે શિક્ષણ મેળવતી પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ હોવાની કામના કેવી રીતે રાખી શકાય? આપણા રાજકીય નેતાઓ અને વહીવટી વિભાગને આ સાધારણ બાબત સમજમાં કેમ નથી આવતી? પ્રાથમિક શાળાઓની સુવિધા પ્રત્યે આંખ આડા કાન એ રાષ્ટ્રના ભવિષ્ય સાથે ગંભીર ચેડાં છે. નિરાશાજનક બાબત એ પણ છે કે, સામાજિક ઉત્થાનવાળી યોજનાઓ અને કાર્યક્રમો પ્રત્યે રાજકીય નેતાઓની સાથોસાથ વહીવટી અધિકારીઓ ઈચ્છે તો પોતાના સ્તરેથી પ્રાથમિક શાળાઓની સુવિધા મામલે ઘણુંબધું કાર્ય કરી શકે છે પરંતુ મોટાભાગના અધિકારીઓને રાજકીય નેતાઓના હુકમને માનવાની અને યોજનાઓને કાગળ પર જ પૂર્ણ કરી દેવામાં રસ છે!ગંભીર બાબત એ પણ છે કે, જ્યારે પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ અને શિક્ષકોનો અભાવ દૂપર કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે ત્યારે આ શાળાઓમાં અપાતું શિક્ષણ ગુણવત્તાયુક્ત હશે કે કેમ તે પણ વિચાર માંગતો સવાલ છે. કદાચ તેથી જ સરકારી શાળાઓના ધો. ૪ અને ૫ માં ભણતા વિદ્યાર્થીઓને કક્કો- બારાખડી લખતાં કે વાંચતાં આવડતા ન હોવાની બાબત વારંવાર ઉજાગર થવા પામે છે. આ આખોયે મામલો વિદ્યાર્થીઓ, વાલીઓની સાથોસાથ સમગ્ર રાષ્ટ્ર સાથે છેતરપિંડી સમાન છે. તેમાંયે સૌથી મોટી વિટંબણા એ પણ છે કે, પ્રાથમિક શિક્ષણની દુર્દશા પર રાજ્ય સરકારો જાગૃત બનવા તૈયાર નથી. આથી તેઓને જાગૃત કરવાનું કામ ન્યાયાલયને કરવું પડે છે. ન્યાયાલયે રાજ્ય સરકારોને એ કહેવા વિવશ બનવું પડે છે કે, પ્રાથમિક શાળાઓની દુર્દશા દૂર કરવા નક્કર કામગીરી કરવાની જરૂર છે ત્યારે દેશના ઉજ્જવળ ભવિષ્યના કલ્યાણની ખેવના કેવી રીતે રાખી શકાય?

## ફિફા અંડર૧૭ વર્લ્ડ કપ સાથે હ્યુન્ડાઈ અધિકૃત ભાગીદાર તરીકે જોડાયું




દેશની સૌથી મોટી દ્વિતિય ક્રમાંક મોટર નિર્માતા અને તેની શરૂઆત સમયથી પેસેન્જર વ્હીકલ્સની સૌથી મોટી નિકાસકાર કંપની હ્યુન્ડાઈ મોટર ઈન્ડીયા લિમિટેડ (એચએમઆઈએલ) એ ફિફા અંડર-૧૭ વર્લ્ડકપ ટુર્નામેન્ટ દરમ્યાન ફિફા ઓફિસર્સના ટ્રાન્સપોર્ટ (પરિવહન) માટે પ્રિમિયમ હ્યુન્ડાઈ કારો પ્રદાન કરવાનો અધિકાર મળ્યાની ઘોષણા કરી છે. આ ટુર્નામેન્ટનું આયોજન ૬ ઓકટોબર ૨૦૧૭ થી ભારતમાં થવાનું છે.

નવી દિલ્લીના જવાહર લાલ નેહરૂ સ્ટેડિયમમાં ઓફિસિયલ હેન્ડઓવર કાર્યક્રમમાં એચએમઆઈએલના એમડી અને સીઈઓ શ્રી વાઈ. કે. કુ. એ ફિફા માર્કેટિંગ ઓપરેશન ગ્રુપ લીડર શ્રી માર્ટિન નસબામર અને લોકલ ઓરગેનાઈઝિંગ કમિટિના ટુર્નામેન્ટ ડાયરેકટર શ્રી ઝેવિયર કેપ્પીને પ્રીમિયમ હ્યુન્ડાઈ કારનો ફિલટ (કાફલો) સોંપ્યો હતો. આ મોટી સ્પોર્ટ ઈવેન્ટ દરમ્યાન ૬ શહેરોમાં (દિલ્લી, કોલકતા, મુંબઈ, કોચ્ચી, ગોવા અને ગૌહાટી) માં પ્લેયર્સ અને ફિફાના મેનેજમેન્ટના ઓફિસર્સના ટ્રાન્સપોર્ટેશન માટે આ ફિલટમાં નેકસ્ટ ઝેન વર્ના, ટકસન, ઈલાઈટ આઈ૨૦ સહિત ૬૩ પ્રીમિયમ હ્યુન્ડાઈ કારો અને કેટલાક કોચનો સમાવેશ કરવામાં આવ્યો છે.

હ્યુન્ડાઈ એ ડિઝિટલ અભિયાન #FuelTheGame અને #FootballerInYou દ્વારા દેશભરના યુવા ફૂટબોલ પ્રશંસકો સાથે જોડાવા માટે વિવિધ આકર્ષક ગતિવિધીઓની યોજના બનાવી છે. #FuelTheGame માં પ્રશંસક તેની પસંદગીના અંડર-૧૭ પ્લેયરના સમર્થનમાં ઓપનિંગ સેરેમની અગાઉ સ્લોગન આપી શકે છે. #FootballerInYou ના માધ્યમથી પ્રશંસકો તેમની પોતાની ફૂટબોલ ક્ષમતાના વીડિયો અપલોડ કરવાનું કહેવામાં આવશે. આ બન્ને કેમ્પેન સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન ચાલશે. ફિફા અંડર-૧૭ વર્લ્ડકપ ૧૭ વર્ષથી ઓછી વયના પૂરૂષ ખેલાડીઓ માટે દર બીજા વર્ષે આયોજીત થતી ફૂટબોલ વર્લ્ડ ચેમ્પિયનશીપ છે. આ ટુર્નામેન્ટનું પ્રથમ આયોજન ૧૯૮૫માં ચીનમાં થયું હતું. છેલ્લો વર્લ્ડકપ ૨૦૧૫માં ચીલી માં થયો હતો, જેમાં નાઈજીરિયા વિજેતા બન્યું હતું. હ્યુન્ડાઈ એ સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન ભારતના ૬ યજમાન શહેરોમાં સ્થિત ડીલરશિપ ખાતે તેના ગ્રાહકો માટે વિશેષ પ્રવૃત્તિઓ અને મર્ચેન્ડાઈઝ ડિસ્ટ્રીબ્યુશનની યોજના તૈયાર કરી છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## રોજર ડુબુઈ રોડિયો ડ્રાઈવ પર તેના નવીન પોપ-અપ બ્યુટીક સાથે લોસ એન્જેલસના વોસ લવર્સને આકર્ષવા તૈયાર




રોજર ડુબુઈ વિશ્વવિખ્યાત બેવર્લી હિલ્સમાં સર્ધન કેલિફોર્નિયાના ફેશન, ડિઝાઈન, આર્ટ અને કલ્ચર (સંસ્કૃતિ)ના કેન્દ્રબિંદુ રોડિયો ડ્રાઈવ નજીક બ્રાઈટોન વે પર તેના નવા પોપ-અપ બ્યુટીકનું ઉધાટન કરી લોસ એન્જેલસના આકાશને પ્રકાશિત કરવા તૈયાર છે. યુએસની ધરતી પર ન્યુયોર્કમાં મેડિશન એવેન્યુ પર સ્પેકટેકયુલર ફલેગશીપ (અદભૂત મુખ્ય) સ્ટોર ઉપરાંત બ્રાન્ડનું આ બીજુ બ્યુટીક હશે. રોજર ડુબુઈની આવિષ્કારી પ્રતિભા અને વર્તમાન વલણો પ્રદર્શિત કરતું બ્યુટીક વિઝયુઅલ એલીમેન્ટસ (દશ્ય તત્વો) દ્વારા નિર્માણનું અદભૂત દશ્ય પ્રદાન કરે છે. તેમાં સમગ્ર ફલોર, દિવાલો પર... કોણ જાણે કયાં? અદભૂત રેડ ક્રેક છે જેને પ્રતિકાત્મરીતે જીનિવાથી એલએ સુધી અંકિત કરવામાં આવેલ છે. આર્ટ ગેલેરી જેવો ખુબ સરળ પ્રદર્શન અનુભવ પ્રદાન કરતું આ નવીન પોપ-અપ બ્યુટીક આઈકોનિક એક્સકેલિબર વોચ કલેકશનની શ્રેષ્ઠ પસંદગીને પ્રદર્શિત કરવા સાથે આર્ટ એકસઝિબિશન (કલા પ્રદર્શનો), ઈવેન્ટસ (પ્રસંગો) અને સ્થાનિક કલાકારો તથા બ્રાન્ડ પાર્ટનર્સ સાથે કોકટેલ પાર્ટી કરવાનું ગતિશીલ સ્થળ બનશે. આ ઉધાટનના પ્રતિકરૂપે આ માસની શરૂઆતમાં નજીકના પિરેલી પી ઝિરો વર્લ્ડ સ્ટોર પર પસંદગીના ગ્રાહકો સાથે એકસકલુઝિવ ડિનર યોજવામાં આવ્યું હતું જે તેના જેવું સૌપ્રથમ હતું. આ ઈવેન્ટ આઈકોનિક રેસિંગ પાર્ટનર સાથે રોજર ડુબુઈની ડેર-ટુ-રેસ ઓટોમોટિવ સ્વભાવયુકત ઉત્તેજનાસભર ભાગીદારીને પ્રસ્તુત કરે છે.

## નમિક અને વિક્રમ એક દિવાના થા સેટ પર તેમની શાળાની યાદોને યાદ કરી



સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનો આગામી રોમાંચિક કાર્યક્રમ - એક દિવાના થા એ તમામ પ્રેક્ષકોની જિજ્ઞાસાને ટોંચ પર પહોચાડી છે. વિક્રમ સિંહ ચૌહાણ, નમિક પૌલ અને ડોનાલ બિશ્ત આ પ્રકારની ટીવી શ્રેણીમાં મુખ્ય ભૂમિકાઓ ભજવે છે. અભિનેતાઓ વિવિધ શ્રેણીઓ માટે વિવિધ બહારનાં સ્થાનો પર મુસાફરી કરે છે અને મિત્રતાના મહાન બંધનને ગાઢ કર્યું છે. રસપ્રદ રીતે, નમિક અને વિક્રમ દેહરાદૂનની શાળાથી આવે છે. જ્યારે નમિક સાથે સંપર્ક થયો ત્યારે જણાવ્યું હતું કે, આ પ્રથમ વખત હું વિક્રમ સાથે કામ કરી રહ્યો છું. અમે સારા મિત્રો બન્યા છીએ અને તે ખરેખર આશ્ચર્યજનક વાત છે કે અમે દહેરાદૂનમાં એક જ શાળામાં અભ્યાસ કર્યો હતો અને તે જ વર્ગમાં હતા! અમે એકબીજાને ક્યારેય મળ્યા નહીં કેમ કે અમે જુદા જુદા વિભાગોમાં અભ્યાસ કરતા હતા અને નસીબનાં મોડનાં કારણે હવે અમે એક દિવાના થા માં સાથે મળીને કામ કરીએ છીએ. નસીબ, જેમ તેઓ કહે છે રહસ્યમય રીતે કામ કરે છે. વિક્રમ સિંહ ચૌહાણે ઉમેર્યું હતું કે, હા, ખરેખર એ જાણીને આશ્ચર્ય થયું હતું કે નમિક અને મેં એક જ શાળામાં અભ્યાસ કર્યો છે અને તે દિવસો દરમિયાન ક્યારેય વાતચીત કરી નથી. અમે એક જ આલ્મા મેટરથી આવીએ છીએ, જ્યારે અમે એક દિવાના થા ની શૂટિંગ શરૂ કરી અને મિત્રો બન્યા. શૂટમાં વિરામ દરમિયાન અમે એકબીજાને રમૂજી કથાઓ અને અમારા શાળાના દિવસો વિશેની ઘટનાઓ સાથે આનંદિત કરીએ છીએ. એક મિત્ર સાથે પેલાની યાદોમાં જવું સરસ લાગે છે. " આતુરતાપૂર્વક રાહ જોવાતી 'એક દિવાના થા' ટૂંક સમયમાં સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર સમગ્ર પ્રેક્ષકોને પ્રેરિત કરવા માટે પ્રસારિત થવાની છે.

## ક્લીનમેટ નવું ઈઝી ટૂ યૂઝ ડિશવોશ જેલ રજૂ કરે છે



ફયુચર કન્ઝ્યુમર લિ.ના ટોયલેટ ક્લિનર લિક્વિડ તથા હોમ ક્લિનિંગ ઉત્પાદનોની લોકપ્રિય બ્રાન્ડ ક્લીનમેટ દ્વારા ઉપયોગ કરવામાં સરળ ક્લીનમેટ ડિશવોશ જેલ રજૂ કરવામાં આવી છે. લેમનની ગુણવત્તાઓથી ભરપૂર આ ડિશવોશ જેલ પહેલી જ ધોલાઈમાં વાસણો પર જામેલ તેલ અને ચીકણાશના સખતમાં સખત દાગોને સાફ કરી શકે છે. આ એક અસરકારક ઉત્પાદન બનાવતા ક્લીનમેટ ડિશવોશ અવશેષ મુક્ત સફાઈમાં મદદ કરે છે, સખતમાં સખત દાગોને હટાવે છે તથા આમાં ઉપસ્થિત લીંબુની શક્તિ વાસણોથી દુર્ગંધને દૂર કરે છે. આ ડિશવોશ જેલમાં પીએચ બેલન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે તેલના ઉપયોગ બાદ તમારા હાથોને કોમળ અને નરમ બનાવી રાખે છે. ક્લીનમેટ ડિશવોશ જેલ પરંપરાગત રીતે વાસણોની સફાઈ માટે ઉપયોગમાં લેવાતા સાબુનો એક અસરકારક વિકલ્પ છે. આ વધુ દિવસો સુધી ચાલવાને કારણે પ્રત્યેક પરિવારમાટે વાજબી પણ છે. અમને વિશ્વાસ છે કે દરેક પરિવાર જેલના ઉપયોગના મહત્વને સમજતા સાબુની જગ્યા એ જેલનો ઉપયોગ કરશે.

## ફૉર્મૂલા સોસોયટી ઓફ ઑટોમોટિવ ઈન્જીનિયર્સ, જાપાનમાં પહોંચનારી એકમાત્ર ટીમ : એસટીઈએસ રેસિંગ



સિંહગઢ ટેક્નિકલ એજ્યુકેશન સોસાયટીના ૨૦ વિદ્યાર્થીઓના ગ્રુપે હાલમાં થયેલ ફૉર્મૂલા સોસાયટી ઑફ ઑટોમોટિવ ઈન્જીનિયર્સ સીરીઝ ઈન જાપાન (એફએસએઈ, જાપાન)માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. એસટીઈએસ રેસિંગમાં વિભિન્ન સ્ટ્રીમ્સના અંડરગ્રેજ્યુએટ ઈન્જીનિયર્સ સામેલ હતા, જેમણે સ્વતંત્રતાપૂર્વક રેસિંગ કાર – એસઆર૧૭ની પરિકલ્પના, ડિઝાઈન, ઉત્પાદન તથા પરીક્ષણને પાર પાડ્યું. એમએસએઈ જાપાનમાં, એસઆર૧૭ને એક કલાકમાં ટેકનિકલ તપાસ પૂરી કરી અને ફરી આને ટિલ્ટ ટેસ્ટ તથા નિર્ગમનથી પસાર કરવામાં આવ્યું. ટીમે પોતાના જ્ઞાન અને શ્રેષ્ઠ ઈન્જીનિયરિંગ ટેકનિકનો વપરાશ કરીને આ દરેક પડકારોનું સમાધાન કરી લીધું. એસઆર૧૭ કુલ મળીને એક મોટી સફળતા રહી એસટીઈએસ રેસિંગને ખૂબ લાંબું અંતર પસાર કરવાનું છે.

## નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં વિશિષ્ટ આધુનિક માઈક્રોસર્જરી હાથ ધરવામાં આવી

અમદાવાદ

નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલે ૨૩ વર્ષનાં યુવાન પર વિશિષ્ટ આધુનિક માઈક્રોસર્જરી કરીછે. યુવાન ઓરલ સબમ્યુક્સ ફાઈબ્રોસિસ (ઓએસએમએફ) કે 'રિડ્યુસ માઉથ ઓપનિંગ' તરીકે ઓળખાતી બિમારીનો ભોગ બન્યોહતો, જેના પગલે તેનું મુખ લગભગ બંધ થઈ ગયું હતું અને તેની સાઈઝ ઘટી ગઈ હતી. તેની સારવાર કરવા 'બાઈલોબ રેડિયલ ફોરઆર્મ ફ્લેપ'નો ઉપયોગ કરીને નવીન સર્જરી કરવામાં આવી હતી. આ ટેકનિકમાં દર્દીનાં ચીક મ્યુકોસા (ગાલની શ્લેષ્મગ્રંથિ)નુંપુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. અત્યારે દર્દી ૩૨ એમએમ સુધી મુખ ખોલી શકે છે (સ્વસ્થ વ્યક્તિનું મુખ ૩૦થી ૫૦ એમએમ સુધી ખુલે છે), જ્યારે સર્જરી અગાઉ તેનું મુખ ફક્ત ૦૪ એમએમ જ ખુલતું હતું યુવાન કિશોર વયથી સોપારીનું વ્યસન ધરાવતો હતો. તેને એક વર્ષ અગાઉ તેનાં મુખનાં પેઢીમાં બળતરાનો અનુભવ થતો હતો અને ધીમે ધીમે તેનું મુખ ખુલવાનું બંધ થઈ ગયું હતું. જ્યાં સુધી તે ખાવાનું-પીવાનું બંધ ન થયું ત્યાં સુધી તેણે કામચલાઉ બળતરા ગણીને આ ચિહ્નોની ઉપેક્ષા કરી હતી. પછી ધીમે ધીમે તેની વાણીને અસર થઈ હતી અને તે તેની જીભનો ઉપયોગ કરી શકવા સક્ષમ નહોતી. "ઓએસએમએફ મુખની ગંભીર બિમારી છે, જે આગળનાં તબક્કે પહોંચી જાય પછી તેની સારવાર થઈ શકતી નથી અને ઘણી વખત કેન્સર પૂર્વેનાં તબક્કામાં પહોંચી જાય છે. તેનાથી દર્દીની વાણીને અસર થાય છે અને જીવન અસહ્ય થઈ જાય છે તથા સાધારણ કામગીરી કરવાની ક્ષમતા ઘટી જાય છે. તેનાથી પોષણ સાથે સંબંધિત અન્ય ખામીઓ ઉપરાંત દર્દી હતાશ પણ થઈ શકે છે. "સૌથી વધુ ચેતવણીજનક ટ્રેન્ડ એ છે કે હોસ્પિટલ દર મહિને ૨૦થી ૨૫ દર્દીઓ એડવાન્સ ઓર ડિસીઝથીસરેરાશ ૨૦થી ૨૫ દર્દીઓની સારવાર કરે છે. આ ખાસ સ્થિતિ ઓએસએમએફ સમાજનાં કોઈ પણ વર્ગ પૂરતું મર્યાદિત નથી અનેતમામ વર્ગને અસર કરે છે. વળી આ રોગ મહિલાઓમાં પણ સામાન્ય છે, જેઓ સોપારી કે માવાનું સેવન કરે છે."નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ શહેરમાં એકમાત્ર હોસ્પિટલ છે, જે સંપૂર્ણ હેલ્થ ચેક-અપ પેકેજ ઓફર કરે છે. હોસ્પિટલ મુખની ગંભીર બિમારીઓ વિશે લોકોને શિક્ષિત કરવા જાગૃતિ અભિયાન પણ હાથ ધરે છે.

## ટુરિઝમ એવોર્ડ્સ ૨૦૧૭ની દ્વિતીય આવૃત્તિ સફળતાપૂર્વક સંપન્ન થઈ




અમદાવાદ

ગુજરાત ભારત દેશની પ્રગતિની હરણફાળમાં વેગ આપતું રાજ્ય છે. અનેકવિધ ઉદ્યોગોના કેન્દ્ર સમાન ગુજરાતમાં પ્રવાસનની પણ અપાર સંભાવનાઓ રહેલી છે. કુદરતી સૌંદર્ય છે તો આપણા ગુજરાતમાં ૧૬૦૦ કિમીનો દરિયાકાંઠો છે અને એવી જ રીતે અનેક હેરિટેજ સાઈટ્સ પણ આવેલી છે. આ ઉપરાંત પણ ગુજરાતમાં અનેક પ્રવાસન સ્થળો તો છે જ પરંતુ હવે મેડિકલ ટુરિઝમ, ફૂડ પ્લેસ, ફેસ્ટિવલ્સ જેવી અનેક બાબતો છે જ્યાં પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય છે. એમાંના જ ઉત્તમ સ્થળો, સંચાલન, વ્યવસ્થાને ઓળખ આપવા માટે અમદાવાદનાં આંગણે ટુરિઝમ એવોર્ડ્સ-૨૦૧૭ની બીજી આવૃતિનું ગુજરાત ટૂરિઝમના સહયોગથી સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. ટુરિઝમ એવોર્ડ્સ-૨૦૧૭ની ઈવેન્ટનું આયોજન બ્લુ લગૂન, અંદાજ પાર્ટી પ્લોટ નજીક, વાયએમસીએ ક્લબ સામે, એસજી હાઈવે, અમદાવાદ ખાતે યોજાયું. ટુરિઝમનો અર્થ માત્ર કોઈ સ્થળે ફરવા જવું એવો રહ્યો નથી એવું માનતા અક્ષર ગ્રૂપ ઓફ કંપનીઝના સ્થાપક મનીષ શર્મા કહે છે,'પ્રવાસન એ નથી માત્ર કોઈ સ્થળની મુલાકાત લેવી. આજના સમયમાં પ્રવાસનનો અર્થ વ્યાપક છે અને હવે તેમાં ટિકિટ બૂક કરવા સિવાય હવે મહેમાનો આવે ત્યારે તેની કેબની વ્યવસ્થાથી લઈને એકોમોડેશન, ગાઈડ, ઉત્તમ ભોજન જેવી અનેક વ્યવસ્થા કરવાની કામગીરી પણ આ ક્ષેત્રમાં કાર્યરત લોકોના ભાગે આવે છે. આમ વિવિધ રીતે રોજગારીનું પ્રમાણ પણ વધે છે. કેમકે પ્રવાસન સંબંધિત અનેક સેવાઓ આપતા લોકો તેમાં સંકળાયેલા હોય છે. એવામાં ટુરિઝમ એવોર્ડ્સ એક એવો મંચ બની રહે છે કે જ્યાં ટૂર ઓપરેટર્સથી લઈને હોટેલ્સ, ફૂડ પ્રોવાઈડર્સ, કેબ સર્વિસીઝ, ગાઈડ સહિત અનેક લોકો એકસાથે એકત્રિત થઈ શકે છે. આ સાથે એવોર્ડ્સ દ્વારા જે તે કેટેગરીઝમાં સામેલ લોકોની ઉત્તમ કામગીરીને નવી ઓળખ પણ મળી રહે છે. "ગુજરાત પ્રવાસન ત્યારે સાચું કહેવાશે જ્યારે ગુજરાતમાં આવતા મુલાકાતીઓ ટેક્સી ડ્રાઈવર, ગાઈડ, હોટેલ્સની સર્વિસ લે ઉપરાંત પોતાના પરિવારજનો માટે શહેરમાંથી શોપિંગ કરીને જાય તો આ રીતે ગુજરાતના પ્રવાસનનો વિકાસ થશે, સાથે સાથે દેશની રેવન્યૂમાં પણ વધારો થશે. ટૂરિઝમ એવોર્ડ એટલા માટે છે કે છેવાડાનો એક નાનો ટૂર ગાઈડ, ટ્રાવેલર જે પ્રવાસનના વિકાસનું કામ કરે છે તો આવા મધ્યમ તેમજ ગુજરાતના ગામડા કે નગર લેવલના ટૂરિઝમ ઓપરેટરને પણ પ્લેટફોર્મ પૂરુ પાડવું એ ટૂરિઝમ એવોર્ડ છે.

## હાશિલ - ભારતનો પ્રથમ ટેલિવિઝન કાર્યક્રમ માત્ર બહારનાં સ્થળો પર દર્શાવવામાં આવે છે



સોની ટેલિવિઝનનો ઘણી રાહ જોવાયેલો રોમેન્ટિક રોમાંચક કાર્યક્રમ હાશિલમાં ઝાયેદ ખાન, નિકિતા દત્તા અને વત્સલ શેઠના કલાકારોનો સમાવેશ થાય છે. જીવન નાટક કરતા વધુ મોટાભાગના વળાંકો દર્શાવશે જે દર્શકોને તેમના ટેલિવિઝન સાથે જોડી રાખશે. એક મોટા અદાંગપત્ર પર બનેલી, આ શ્રેણીની સમગ્ર સર્જનાત્મક ટીમ શ્રેષ્ઠ કૃતિ બનાવવા માટે દિવસ અને રાત કામ કરી રહી છે કે જે બધા દર્શકોને આશ્ચર્ય પમાવશે. આલીશાન ગાડી, વિદેશી બહારનાં સ્થળો અને પકડેલી શ્રેણીના અસંખ્ય તત્વો હાસિલને જોવા માટે મનાવશે.શ્રેણીમાં આંચલનો ભાગ ભજવનાર નિકિતા દત્તાએ જણાવ્યું હતું કે, ચલચિત્રતા રીતે કોઈ ચોક્કસ સેટ ન હોવાનું એક મહાન ફાયદો છે. અમે વધુ સ્થાનોનું અન્વેષણ કરીએ છીએ અને આ કાર્યક્રમમાં રંગ અને કંપનો ઉમેરે છે. પરીવહનનું વ્યવસ્થાપન નિર્માણ ટીમ માટે મુશ્કેલ પ્રક્રિયા છે. આ ઉપરાંત, મારા અગાઉનાં કાર્યક્રમોમાં નિશ્ચિત ઓન-સેટ સ્થાનથી બંધાયેલ હું આ ફેરફારને પ્રેમ કરું છું. અમે દરરોજ સેટ પર દરરોજ બહુવિધ કલાક પસાર કરીએ છીએ અને દરરોજ એક જ સ્થાનને એક જ જગ્યાએ એકસૂરીલું છે.

## કલકી કોચલિન પાસેથી સૌંદર્યના રહસ્ય સાથે આ તહેવારની મોસમ માટે તમારી ત્વચાને ચમકીલી બનાવો

તહેવારોથી છલોછલ વર્ષની તે મોસમ ફરીથી આવી ચૂકી છે.આ દિવસોમાં સુંદર પારંપરિક આઉટફિટ્સ,તેની જોડમાં જ્વેલરી અને પરફેક્ટ સેલ્ફી માટે પિક્ચર-પરફેક્ટ મેક-અપ સાથે સુંદર દેખાવા સ્ત્રીઓ સજ્જ નહી બને તો જ નવાઈ.તે પારંપરિક આઉટફિટ્સમાં સજતી બધી સ્ત્રીઓ માટે આ મોસમમાં અમારી ત્વચાને વધુ વિશેષ દેખાવ આપીને સુંદર દેખાવા માટે કલકી દ્વારા ઝડપી સૌંદર્ય અને ત્વચા સંભાળની માર્ગદર્શિકા આપવામાં આવી છે.ચમકતી અને તેજસ્વી ત્વચા અનુભવવા માટે તમારા ચહેરાને કલીન્સ કરવાનું મહત્ત્વપૂર્ણ છે.આથી જ સારા ફેસ કલીન્ઝરમાં રોકાણ કરવાનું આવશ્યક છે. સાબુને બદલે જેલ કે ફોમ આધારિત તમારી ત્વચાને અનુકૂળ ફેસ વોશનો ઉપયોગ કરો.તથા જણાવ્યું કે હાનિકારક ક્રીમ્સ અને પીડાદાયી વેક્સિંગ સત્રોથી દૂર રહેવાનું જ ઉત્તમ છે, કારણ કે આ પદ્ધતિથી લાંબે ગાળે ત્વચામાં ચાઠાં પડીને ત્વચામાં હાનિ પેદા થઈ શકે છે.હું શેવિંગને અગ્રતા આપું છું કારણ કે તે પીડારહિત હોય છે અને અન્ય વાળ દૂર કરવાની પદ્ધતિની તુલનામાં મૃત ત્વચાના પડ દૂર કરવામાં વધું સારી રીતે મદદ મળે છે. તમારા શરીરને હાઈડ્રેટ કરવાનું ભૂલશો નહી તથા માનસિક કાયાકલ્પ જરૂરી છે અને સૂર્યની સન્મુખતા ટાળો.

## કેપિટલ ગૂડ્સ ઉદ્યોગ સંગઠન, પ્લાન્ટ અને મશીનરી એસો. ઓફ ઈન્ડિયાના ચેરમન પદે યતિંદ્ર પાલ સિંહ સૂરી વરણી

કેપિટલ ગૂડ્સ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરનારા દિગ્ગજ સંગઠન પ્રોસેસ પ્લાન્ટ એન્ડ મશીનરી એસોસિએશન ઓફ ઈન્ડિયા (પીપીએમએઆઈ)ના ચેરમન પદે શ્રી યતિંદ્ર પાલ સિંહ સૂરી વરણી



થઈ છે. આ સંગઠન ભારતના પ્રોસેસ પ્લાન્ટ નિર્માતાઓનું પ્રતિનિધિત્વ કરે છે.વાય પી સૂરી આઈઆઈટી ખડગપુરના પૂર્વ વિદ્યાર્થી છે. શ્રી સૂરી હાલ ફિનલેન્ડની દિગ્ગજ સ્ટેનલેસ સ્ટીલ કંપની આઉટોકૂંપુના ભારતના અગ્રણી અને મુખ્ય નિર્દેશક છે. આ ઉપરાંત તેઓ ફિક્કી, સીઆઈઆઈ અને આઈએસએસડીએ જેવા અન્ય સ્ટેનલેસ સ્ટીલ ઈન્ડસ્ટ્રી સંગઠનોની વિભિન્ન સમિતીઓના એક્ઝીક્યુટીવ સભ્ય પણ છે. તેઓ આઈઆઈટી ખડગપુર એલુમનાઈ એસોસિએશન, નોર્થ ઈન્ડિયાના પૂર્વ અધ્યક્ષ પણ રહી ચુક્યા છે.મોટી કંપનીઓ ઉદ્યમિઓનો સહયોગ કરે અને એક સહયોગી કે ભાગીદાર જેવું તેમનું સન્માન કરે. ભારતની વાસ્તવીક ક્ષમતાને આગળ લાવવા માટે સરકાર અને નાગરિક સમાજે લધુ, નાના અને મધ્યમ સામુહિક પ્રયસોનો હિસ્સો બનવું જોઈએ.

*ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિમિટેડ*

## ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિમિટેડનો આઈપીઓ ૯ ઓક્ટો. ખુલશે અને ૧૧ ઓક્ટો.ને બંધ થશે

અમદાવાદ

ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિમિટેડએ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ નારોજ પ્રસ્તુત કરેલ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ માં પરિશિષ્ટ એમાં સામેલ




વ્યક્તિઓ દ્વારા વેચાણની ઓફર મારફતે રોકડનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૬,૦૬૫,૦૦૯ ઈક્વિટી શેરનો આઈપીઓ ૯ઓક્ટોબર, ૨૦૧૭નાં રોજ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. તેમાં પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૬૪૫થી રૂ. ૧,૬૫૦ છે. આઓફરમાં કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૦ ટકા સુધીનો હિસ્સો સામેલ હશે.ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૬૪૫થી રૂ. ૧,૬૫૦ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૯ ઈક્વિટી શેર અને પછી ૯ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. બિડ/ઓફર ૧૧ ઓક્ટોબર, ૨૦૧૭ને બુધવારે બંધ થશે. કંપની સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯,જેમાં થયેલા સુધારા મુજબ ("સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ") બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને એન્કરઈન્વેસ્ટર્સની ભાગીદારીનો વિચાર કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર પીરિયડ દરમિયાન એટલે કે બિડ/ઓફર ખુલવાની તારીખનાં એક કાર્યકારી દિવસ અગાઉ એન્કર ઈન્વેસ્ટર્સ બિડ કરશે.ઓફરનાં બીઆરએલએમ એક્સિસ કેપિટલ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે.

આરએચપી મારફતે ઓફર થયેલાં ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર થશે.ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમ ૨૬(૧) મુજબ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઓફર રજૂ કરવામાં આવી છે, જેમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ("ક્યુઆઈબી") ("ક્યુઆઈબી પોર્શન")ને ઓફર કરવામાં આવશે. કંપની અને વિક્રેતા શેરધારકોબીઆરએલએમ સાથે ચર્ચા કરીને એન્કર ઈન્વેસ્ટર્સ ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન")ને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ટકા સુધીનો હિસ્સો વિવેકાધિન ધોરણે ફાળવી શકે છે, જેમાંથી એક તૃતિયાંશ હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ્સનેફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટરને ફાળવણીની કિંમત પર કે તેનાથી વધારેકિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી માન્ય બિડ્સ મળવાને આધિન છે.

## મહીન્દ્રાએ નવી લકઝરીયસ ટીવીયુ ૩૦૦ ટી ૧૦ પ્રસ્તુત કરી

અમદાવાદ



ભારતની અગ્રણી એચયુવી ઉત્પાદક મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા લિ.એ તેની બોલ્ડ અને સ્ટાઈલીશ ટીવીયુ ૩૦૦ નું લકઝરીયસ હાઈ એન્ડ વેરીઅન્ટ ટી ૧૦ લોંચ કરવાની જાહેરાત કરીહતી. રૂા. ૯.૬૬ લાખની કીંમત ધરાવતું ટીવીયુ ૧૦૦ નું ટી ૧૦ વેરીઅન્ટ અનેક પ્રીમીયમ, હાઈટેક ફીચર્સ ધરાવે છે. સમગ્ર ભારતમાં તમામ ઓથોરાઈડ ડીલરશીપ પર બુકીંગ ચાલુ થઈ રહ્યું છે.ટીવીયુ ૩૦૦ એ જીપીએસ નેવીગેશન, લાંબી મુલાયમ લેધર સીટ સાથે નવું હાઈએન્ડ ૧૭.૮ સે.મી. કલર ટચસ્ક્રીન ઈન્ફોટેઈનમેન્ટ સીસ્ટમ ધરાવે છે. આ સીસ્ટમ કેપેસીટીવ ટચસ્ક્રીન, યુએસપી મારફતે વીડીયો અને ઈમેજ પ્લેબેક ટેકનોલોજી તેમજ ડ્રાઈવર ઈન્ફોર્મેશન સીસ્ટમ ધરાવે છે. નવો પર્લ વ્હાઈટ કલર ટીવીયુ ૩૦૦ની પ્રીમીયમ અપીલ પણ ધરાવે છે. એક્ષ્ટેરીઅર્સ ફ્રન્ટ ગ્રીલ એન્ડ ફોગ લેમ્પ પર બ્લેક ક્રોમ ફીનીશ ધરાવે છે. કાર્બન બ્લેક ફીનીશ સાથે સ્ટેટીક બેન્ડીંગ હેડલેમ્પ અને એલોય વ્હીલ્સ પર ગ્લોસી મેટલીક ગ્રે, ફીનીશ રૂફ રેલ અને રીઅર સ્પેર વ્હીલ કવર ધરાવે છે.

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## લૂઈસ ૧૭૬ રને રિટાયર્ડ થતાં સચિનનો રેકોર્ડ તોડ્યા



વેસ્ટઈન્ડિઝના બેટસમેન ઈવિન લુઈસ ઈંગ્લેન્ડ સામે વન ડે મેચમાં બેવડી સદી ચૂક્યો હતો. લુઈસ ૧૭૬ રનના સ્કોર પર રિટાયર્ડ હટ થયો હતો. આ દરમિયાન વેસ્ટઈન્ડિઝની ઈનિંગ્સની ૪૬મી ઓવર ચાલી રહી હતી.લુઈસે ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરના રેકોર્ડને પણ તોડ્યો છે. સચિન તેંડુલકરે ૨૦૦૯માં ન્યૂઝીલેન્ડની સામે ૧૬૩ રન પર રિટાયર્ડ હર્ટ થયો હતો. જો કે, આ રેકોર્ડ આ પહેલા ઓસ્ટ્રેલિયાના ચાર્લ્સ બેનરમેનના નામે હતો. જેઓ ૧૮૭૭માં ઈંગ્લેન્ડ સામે ૧૬૭ રન પર રિટાર્યડ હર્ટ થયા હતા.૨૫ વર્ષિય લુઈસે ૧૭૬ રનની ઈનિંગ્સમાં કુલ ૧૭ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. તેની આ શાનદાર બેટિંગની મદદથી તેની ટીમ ઈંગ્લેન્ડને હરાવી શકી ન હતી. ડકવર્થ લુઈસ નિયમના કારણે લક્ષ્યને નાનો કરવામાં આવ્યો હતો. ઈંગ્લેન્ડે ૩૫૬ રનનો સ્કોર બનાવ્યો હતો. જ્યારે ઈંગ્લેન્ડને ૨૫૮ રનનો લક્ષ્ય આપવામાં આવ્યો હતો. ઈંગ્લેન્ડે આ મેચ ૬ રનથી જીતી લીધી હતી.



## ધોનીએ ૨૦૧૭માં ૭૯ની એવરેજ સાથે રન કર્યા છે



આ વર્ષે ધોનીએ પાંચ અડધી સદી અને એક સદી સાથે ૬૩૨ રન બનાવ્યા છે : વિકેટકીપર તરીકે પણ સર્વશ્રેષ્ઠ

૨૦૧૭માં વનડે ક્રિકેટમાં ધોનીનો શ્રેષ્ઠ દેખાવ

મહેન્દ્રસિંહ ધોનીની લોકપ્રિયતા હજુ પણ ઓછી થઈ નથી. ધોની ૩૬ વર્ષનો થઈ ગયો છે પરંતુ વર્ષ ૨૦૧૭માં તેનો દેખાવખુબ જ શાનદાર રહ્યો છે. વનડે ક્રિકેટમાં ૨૦૧૭ તેની કેરિયરમાં સર્વશ્રેષ્ઠ વર્ષ તરીકે રહ્યો છે. આના પુરાવા પણ આંકડા તરીકે સપાટી ઉપર આવી ચુક્યા છે. મહેન્દ્રસિંહ ધોનીએ એક કેલેન્ડર વર્ષમાં ક્યારે પણ કેરિયર એવરેજ ૭૯ની હાસલ કરી નથી પરંતુ ૨૦૧૭માં ધોનીએ ૭૯ની કેરિયર એવરેજ હાસલ કરી લીધી છે. ૨૦થી વધારે મેચો તે રમી ચુક્યો છે. આ વર્ષે મહેન્દ્રસિંહ ધોનીએ ૬૩૨ રન કર્યા છે જેમાં પાંચ અડધી સદી અને એક સદીનો સમાવેશ થાય છે. આ ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં પણ તેનો દેખાવ શાનદાર રહ્યો છે. કોલકાતા મેચ દરમિયાન વિકેટકીપર તરીકે પણ તેની ભૂમિકા જોરદાર રહી હતી. ગ્લેન મેક્સવેલને આઉટ કરવામાં તેની ભૂમિકા ચાવીરુપ રહી હતી. ધોની ૨૦૧૯માં આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ દરમિયાન ૩૮ વર્ષની વય મેળવી લેશે. ૨૦૧૭માં ધોનીએ આક્રમક દેખાવ કરીને ક્રિકેટ ચાહકોને રોમાંચિત કરી દીધા છે અને કેરિયર એવરેજ ૨૦૧૭માં ૭૯ની મેળવી લીધી છે. શ્રીલંકા સામેની પાંચ વનડે મેચોની શ્રેણીમાં ધોનીએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને ભારતે ૫-૦થી વનડે શ્રેણી જીતી હતી.

## ટી-૨૦ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, અનેક ચોકાવનારા પરિવર્તન કરાયા

**ટીમ સ્પીરીટ**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ વનડે મેચોની સીરીજ પુરી થયા બાદ હવે આ પ્રવાસના ત્રણ ટી ટવેન્ટી મુકાબલા માટે પણ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. વનડે સીરીજમાં ૪-૧થી ઓસ્ટ્રેલાઈ ટીમને પરાજય આપ્યા બાદ પસંદગીકારોએ ૭ ઓકટોબરથી શરૂ થઈ રહેલી ટી ટવેન્ટી મુકાબલા માટે અનેક પરિવર્તન કર્યા છે.

બીસીસીઆઈએ ગઈકાલે રાતે વનડે સીરીજ પુરી થયા બાદ ત્રણ ટી ટવેન્ટી મેચો માટે ૧૫ સભ્યોની જાહેરાત કરી છે. ટી ટવેન્ટી મુકાબલા માટે ૩૮ વર્ષના ફાસ્ટ બોલર આશીષ નહેરા ઉપરાંત દિનેશ કાર્તિકને પણ ટીમમાં જગ્યા મળી છે. આ ટીમમાં ફરીથી ચોંકાવનારા પગલા તરીકે ભારત ટોચના સ્પિનર રવિચંદ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજાને જગ્યા આપવામાં આવી ન હતી આ પહેલા તેમને વનડેમાં પણ બહાર રાખવામાં આવ્યા હતાં. પહેલા માતા અને ત્યારબાદ પત્નીની



તબિયત ખરાબ થયા બાદ ટેસ્ટ અને વનડે મેચોમાં બહાર રહેલ શિખર ધવનની ટીમમાં વાપસી થઈ છે. આ ઉપરાંત ટેસ્ટ મેચોમાં બેટીંગ ક્રમ બદલાયા બાદ નિષ્ફળ રહેલ અને વનડે ટીમમાં જગ્યા નહીં બનાવનાર લોકેશ રાહુલને પણ ટી ટવેન્ટીમાં જગ્યા આપવામાં આવી છે.

વનડે ટીમમાં રહેલ પાંચ પાંડવોને ટી ટવેન્ટીમાં પણ જગ્યા મળી છે. બેટસમેનોમાં મનીષ પાંડે અને કેદાર જાધવ અને બોલર યુજવેન્દ્ર ચહલ કુલદીપ યાદવ અને અક્ષર પટેલને યથાવત રાખવામાં આવ્યો છે.આશા છે કે પસંદગીકારો તેમને ૨૦૧૯ વિશ્વકપ માટે તૈયાર કરી રહ્યાં છે. નહેરા આખરી વાર ફેબ્રુઆરી ૨૦૧૭માં ઈગ્લેન્ડની વિરૂધ્ધ ટી ટવેન્ટીમાં રમ્યો હતો સનરાઈજર્સ હૈદરાબાદ તતરફથી આઈપીલ ૧૦માં નહેરાએ છ મેચોમાં આઠ વિકેટ લીધી હતી. દિનેશ કાર્તિકને ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરવાનું ઈનામ મળ્યુ છે.

૧૫ સભ્યોની ટીમમાં વિરાટ કોહલી સુકાની,રોહિત શર્મા ઉપ સુકાની, શિખર ધવન,કે એલ રાહુલ મનીષ પાંડે,કેદાર જાધલ દિનેસ કાર્તિક મહેન્દ્રસિંહ ધોની વિકેટકીપર હાર્દક પંડયા કુલદીપ યાદવ, યુજવેન્દ્ર ચહલ, જસપ્રીત બુમરાહ ભુવનેશ્વર કુમાર આશીષ નહેરા અને અક્ષર પટેલનો સમાવેશ થાય છે. પહેલી ટી ટવેન્ટી ૭ ઓકટોબરે રાંચીમાં, બીજી ૧૦ ઓકટોબરે ગોવાહાટીમાં અને ત્રીજી ટી ટવેન્ટી ૧૩ ઓકટોબરે હૈદરાબાદમાં યોજાશે

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ અમદાવાદ ખાતે પુર્ણ થયેલ એશીયન કપ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં મેન્સ અને વિમેન્સ સીંગલ્સના બધા જ ફાઈનાલીસ્ટ કયા દેશના હતા ?

૨. હાલમાં જ કઈ મહીલા ખેલાડીએ કોરીયા સુપર સીરીઝ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતીને ઈતિહાસ રચ્યો હતો ?

૩. વન-ડે માં હેટ્રીક કરનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ ?

૪. હાલમાં ટેનીસ જતમાં કયા મહાન ખેલાડીના માનમાં આંતરરાષ્ટ્રીય ટેનિસ ટુર્નામેન્ટ શરૂ કરવામાં આવી હતી ?

૫. હાલમાં જ પુર્ણ થયેલ બીજી કોલકત્તા વન-ડે મેચમાં વિરાટ કોહલીએ કઈ અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી ?

૬. હાલમાં કેન્દ્રમાં રમતગમત અને યુવા બાબતોના મંત્રી કોણ છે ?

૭. આ વર્ષે દ્રોણાચાર્ય એવોર્ડ અને ધ્યાનચંદ એવોર્ડની પસંદગી સમિતિના વડા કોણ હતા ?

૮. ૨૦૧૬-૧૭ ની મૌલાના અબ્દુલ કલામ આઝાદ ટ્રોફી કઈ યુનિવર્સિટીને એનાયત કરવામાં આવી હતી ?

૯. ૨૦૨૧ માં પુરૂષો માટેની વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશીપ કયાં યોજાશે ?

૧૦. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ કયારે મનાવાય છે ?

૧૧. હાલમાં જ વિશ્વ આરોગ્ય સંગઠને (ડબલ્યુએચઓ) કયા ભારતીય ખેલાડીની પસંદગી દક્ષિણ-પૂર્વ એશીયામાં ગુડવીલ એમ્બેસેડર તરીકે નિમણુંક કરી હતી ?

૧૨. 'મક્કા ઓફ ક્રિકેટ' કયા મેદાનને કહે છે ?

૧૩. 'મક્કા ઓફ ક્રીકેટ' કયા મેદાનને કહે છે ?

**જવાબ :**

૧.હાલમાં જ અમદાવાદ ખાતે પુર્ણ થયેલ એશીયન કપ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં મેન્સ અને વિમેન્સ સીંગલ્સના બધા જ ફાઈનાલીસ્ટ ચીન દેશના હતા.

૨. હાલમાં જ ભારતની પી.વી.સિંધુ નામની મહીલા ખેલાડીએ કોરીયા સુપર સીરીઝ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતીને ઈતિહાસ રચ્યો હતો.

૩. વન-ડે માં હેટ્રીક કરનાર પ્રથમ ભારતીય ખેલાડી ચેતન શર્મા છે.

૪. હાલમાં ટેનીસ જતમાં ઓસ્ટ્રેલિયાના લેજન્ડરી ટેનીસ ખેલાડી રોડ લેવર કપ ટુર્નામેન્ટની મહાન ખેલાડીના માનમાં આંતરરાષ્ટ્રીય ટેનિસ ટુર્નામેન્ટ શરૂ કરવામાં આવી હતી.

૫. હાલમાં જ પુર્ણ થયેલ બીજી કોલકત્તા વન-ડે મેચમાં વિરાટ કોહલીએ ક્રીકેટના ત્રણેય ફોર્મેટમાં થઈને ભારતની જીતમાં ૧૦૦૦૦ થી વધુ રનનું યોગદાન આપવાની અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

૬. હાલમાં કેન્દ્રમાં રમતગમત અને યુવા બાબતોના મંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડ છે.

૭. આ વર્ષે દ્રોણાચાર્ય એવોર્ડ અને ધ્યાનચંદ એવોર્ડની પસંદગી સમિતિના વડા શ્રી પુલેલા ગોપીચંદ હતા.

૮. ૨૦૧૬-૧૭ ની મૌલાના અબ્દુલ કલામ આઝાદ ટ્રોફી પંજાબ યુનિવર્સિટીને એનાયત કરવામાં આવી હતી.

૯. ૨૦૨૧ માં પુરૂષો માટેની વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશીપ ભારતમાં યોજાશે.

૧૦. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ ૨૪ જુનના રોજ મનાવાય છે.

૧૧. હાલમાં જ વિશ્વ આરોગ્ય સંગઠને (ડબલ્યુએચઓ) મિલ્બાસિંહ નામના ભારતીય ખેલાડીની પસંદગી દક્ષિણ-પૂર્વ એશીયામાં ગુડવીલ એમ્બેસેડર તરીકે નિમણુંક કરી હતી.

૧૨. 'મક્કા ઓફ ક્રિકેટ' લોર્ડસ મેદાનને કહે છે.

૧૩. 'મક્કા ઓફ ક્રીકેટ' વિમ્બલ્ડન મેદાનને કહે છે.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

## ૪૦ ની ઉંમરે ટેસ્ટમાં સદી નોંધાવનાર બેટસમેનો



**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા

ટેસ્ટ ક્રિકેટમાં મોટી ઉંમરે સદી નોંધાવવી એ એક વિરલ ઘટના કહેવાય છે. તાજેતરમાં ૨૦૧૬ ની પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીમાં લોર્ડસ ખાતેની ટેસ્ટમાં પાકિસ્તાનના કેપ્ટન મિસબાહ ઉલ હકે અણનમ ૧૧૦ રન નોંધાવ્યા ત્યારે તેમની ઉંમર ૪૨ વર્ષ અને ૪૭ દિવસની હતી. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી મોટી ઉંમરે ટેસ્ટ સદી ફટકારવાનો રેકોર્ડ હવે મીસબાહના નામે દર્જ થઈ ગયો છે. આ પહેલા આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના બોબી સિમ્પસનના નામે હતો.

ઓસ્ટ્રેલિયાના બોબી સિમ્પસને ભારત વિરૂદ્ધની ૧૯૭૮ ની એડીલેઈડ ટેસ્ટમાં ૧૦૦ રન બનાવ્યા ત્યારે તેમની ઉંમર ૪૧ વર્ષ ૩૫૯ દિવસની હતી. તે પહેલાં પણ બોબી સિમ્પસને ૧૯૭૭ ની પર્થ ટેસ્ટમાં ભારત વિરૂદ્ધની ટેસ્ટમાં ૪૧ વરસ ૩૧૬ દિવસે ૧૭૬ રન નોંધાવીને એક રેકોર્ડ કર્યો હતો. બોબી સિમ્પસને પોતાના જ દેશના ડબલ્યુ આર્મસ્ટ્રોંગનો સૌથી વધુ વયે સદી ફટકારવાનો રેકોર્ડ તોડયો હતો.

ઓસ્ટ્રેલિયાના ડબલ્યુ આર્મસ્ટ્રોંગે ૧૯૨૧ની મેલબોર્ન ખાતેની ઈંગ્લેન્ડ વિરૂદ્ધની ટેસ્ટમેચમાં અણનમ ૧૨૩ રન નોંધાવ્યા ત્યારે તેમની ઉંમર ૪૧ વર્ષ અને ૨૬૫ દિવસની હતી. ટેસ્ટ ક્રીકેટમાં સૌથી મોટી ઉંમરે સદી ફટકારવાનો સૌ પ્રથમ રેકોર્ડ એમના નામે નોંધાયો હતો. આર્મસ્ટ્રોંગે આ અગાઉ બે વાર ૪૦ વર્ષથી વધુ વયે સદી ફટકારી હતી. આર્મસ્ટ્રોંગે ૧૯૨૧ની ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં એડીલેઈડ ખાતે ૧૨૧ રન નોંધાવ્યા ત્યારે ૪૧ વર્ષ અને ૨૩૭ દિવસની ઉંમર નોંધાઈ હતી. આ પહેલાં એમણે એ જ શ્રેણીમાં સીડની ખાતે ૪૧ વર્ષ અને ૨૦૯ દિવસે ૧૫૮ રન ફટકાર્યા હતા.

પાકિસ્તાનના મિસબાહ ઉલ હકે આ અગાઉ ૪૦ વર્ષથી વધુ ઉંમરે ચાર વાર સદી નોંધાવવાની સિદ્ધિ મેળવી હતી. સૌ પ્રથમ ૨૦૧૪ ની ન્યુઝીલેન્ડ સામેની અબુધાબી ખાતે રમાયેલ શ્રેણીમાં ત્રણ સદી ૪૦ ઉપરની ઉંમરે નોંધાવી હતી. જેમાં ૪૦ વર્ષ અને ૧૪૭ દિવસે ઈંગ્લેન્ડ સામે દુબઈમાં ૨૦૧૫ ની શ્રેણીમાં તથા ન્યુઝીલેન્ડ સામે અબુધાબી ખાતે ૧૦૨ -૪૦ વર્ષ ૧૬૫ દિવસે ત્યારબાદ ૧૦૧ રન ૪૦ વર્ષ ૧૫૫ દિવસે ઓસ્ટ્રીયા સામે ૨૦૧૪ ની શ્રેણીમાં અને ફરીથી ૧૦૧ અણનમ અબુધાબી ખાતે ૨૦૧૪ ની શ્રેણીમાં ૪૦ વર્ષ ૧૫૫ દિવસે અણનમ ૧૦૧ રન નોંધાવીને ૪૦ થી વધુ ઉંમરે પાંચ વાર સદી નોંધાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

દક્ષિણ આફ્રિકાના એ.ડી.નર્સે ૧૯૫૧ ની ઈંગ્લેન્ડ સામેની નોટીંગહામ ખાતેની ટેસ્ટમાં ૪૦ વર્ષ અને ૨૦૭ દિવસે ૨૦૮ રન નોંધાવ્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં ૪૦ થી ઉપરની ઉંમરે ડબલ સદી નોંધાવનાર એક માત્ર બેટસમેન એ.ડી.નર્સ જ છે.

વેસ્ટ ઈન્ડીઝના કલાઈવ લોઈડે ૧૯૮૪ ની ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં ટેસ્ટ રમતાં બ્રિસલેન ખાતે ૧૧૪ રન નોંધાવ્યા હતા. આ સમયે કલાઈવ લોયડની ઉંમર ૪૦ વરસ અને ૮૪ દિવસની હતી.

આજના ફાસ્ટ ક્રીકેટના જમાનામાં ૪૦ વર્ષની ઉંમરે ક્રિકેટ રમવું એ એક અદભુત ઘટના કહેવાય. નવયુવાનોના ઝડપી સ્કોર સામે ઉંમરલાયક અને પરિપકવ ક્રીકેટરોનું સ્થાન કયારેક જોખમમાં મુકાય છે.

આજે બનેલા રેકોર્ડ ફટાફટ ક્રીકેટમાં આવતીકાલે તુટી જાય છે. અવિસ્મરણીય અને યાદગાર રેકોર્ડસ જ વણતુટયા જોવા મળે છે.

**કમલેશ કંસારા**

## ૪૩ વર્ષમાં ભારતીય ઓપનરોએ અનોખી કમાલ કરી બતાવી

**ટર્નીંગ પોઈન્ટ**

ભારતના ઓપનર બેટસમેનો માટે એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વર્ષ ૨૦૧૭ ખુબ લાભદાયક સાબિત થઈ રહ્યું છે.ભારતીય ઓપનર્સે આ વર્ષ એક એવી કમાલ કરી જે તેઓ ભારતીય વનડે ક્રિકેટ ઈતિહાસમાં ૪૩ વર્ષોમાં કયારેય કરી શકયા ન હતાં.

ભારતના ઓપનર બેટસમેન રોહિત શર્મા અને અજિંકય રહાણેએ રવિવારે નાગપુરમાં ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ પાંચમી અને અંતિમ વનડે મેચમાં ૧૨૪ રનની ભાગીદારી કરી હતી. આ ભારતીય ઓપનર દ્વારા કરવામાં આવેલ આ વર્ષ વનડેમાં કરવામાં આવેલ આઠમી સદકીય ભાગીદારી રહી અને તેની સાથે તેમણે રેકોર્ડ કાયમ કર્યો આ પહેલા બે વાર ભારતીય ઓપનર બેટસમેન પહેલી વિકેટ માટે વર્ષમાં સાત સાત સદકીય ભાગીદારી કરી ચુકયા છે. ભારતીય ઓપનર્સે આ કરિશ્મા ૨૦૦૨ અને ૨૦૦૭માં કર્યો હતો.

રોહિત શર્માએ નાગપુરમાં ધમાકેદાર ૧૨૫ રન બનાવ્યા તો રહાણેએ ૬૧ રનોનું યોગદાન આપ્યું હતું. રહાણેની આ સીરીજમાં સતત ચોથી ફિફટી રહી. ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ રવિવારે પુરી થયેલ પાંચ મેચોની વનડે સીરીજમાં પણ રહાણે અને રોહિતનું બેટ જબરજસ્ત ચાલ્યું હતું

આ ઉપરાંત ભારતીય ટીમે એક વિશેષ રેકોર્ડ બનાવ્યો એટલું જ નહીં આઈસીસી વનડે રેકિંગમાં ફરી ટોચ પર પહોંચી ગઈ છે. ભારતે ઓસ્ટ્રેલિયા સામે પાંચ વનડે શ્રેણી પર ૪-૧થી કબજો જમાવ્યો છે. આ પહેલા ભારતે બે વાર ઓસ્ટ્રેલિયાને પાંચ અથવા વધુ મેચોની સીરીજમાં બે વાર હરાવી અને બંન્ને વાર તેની જીતનું અંતર ૩-૨ રહ્યુ છે. ભારતે પોતાના ઘરમાં ૧૯૮૬-૮૭માં ઓસ્ટ્રેલિયાને ૬ મેચોની સીરીજમાં ૩-૨થી પરાજય આપ્યો હતો ત્યારબાદ તેણે ૨૦૧૩-૧૪માં ઓસ્ટ્રેલિયાઈ ટીમને ૭ મેચોની સીરીજમાં ૩-૨થી પરાજય આપ્યો હતો. કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા હાલના સમયે જબરજસ્ત ફોર્મમાં છે. ટી ઈન્ડિયાએ દોઢ વર્ષમાં અનેક રેકોર્ડ કર્યા છે.

## રોહિત શર્મા ભારત માટે ફરી હિટમેન બન્યો,૬ હજાર રન પુરા કર્યા



ભારતના ઓપનર બેટસમેન રોહિત શર્માએ વિદર્ભ ક્રિકેટ એસોસિએશન નાગપુરના મેદાન પર શાનદાર સદી ફટકારી હતી. રોહિતની ઈનિગ્સને કારણે ઓસ્ટ્રેલિયા તરફથી આપવામાં આવેલ ૨૪૩ રનનો લક્ષ્યાંક ભારતે સરળતાથી હાંસલ કર્યો હતો. આ ઈનિગ્સ માટે તેને મેન ઓફ ધ મેચનો એવોર્ડ પણ મળ્યો.પોતાની ૧૨૫ રનોની ઈનિગ્સમાં રોહિતે ૧૦૯ બોલનો સામનો કર્યો અને ૧૧ ચોક્કા અને પાંચ સિકસર પણ લગાવી.આ રોહિત શર્માના વડેની કેરિયરની ૧૪મી સદી હતી. આ ૧૪માંથી રોહિતે ૬ સદી ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ લગાવી છે. રોહિતના બેટથી વધુ સદી ઓસ્ટ્રેલિયાઈ ટીમની વિરૂધ્ધ જ નિકળી છે.આ કેલેન્ડ વર્ષમાં રોહિતની આ ચોથી સદી હતી.આ કોઈ પણ વર્ષમાં તેનો સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કહી સકાય છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૫માં તેમણે ત્રણ સદી લગાવી હતી. પોતાની છઠ્ઠી સદીને સાથે જ રોહિતે વેસ્ટ ઈન્ડિઝના વરિષ્ઠ ઓપનર ડેજમંડ હેંસની બરાબરી કરી લીધી છે. હેંસે પણ ઓસ્ટ્રેલિયાઈ ટીમની વિરૂધ્ધ છ સદી કરી હતી. ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ સૌથી વધુ વનડે સદી લગાવવાનો રેકોર્ડ મહાન બેટસમેન સચિન તેંડુલકર (૯)ના નામે છે. રોહિત શર્માએ રવિવારે પોતાની ઈનિગ્સ દરમિયાન છ હજાર વનડે રન પુરા કર્યા તે આ મુકામ હાંસલ કરનાર નવમો ભારતીય બેટસમેન છે. એ યાદ રહે કે ભારતે ઓસ્ટ્રેલિયાને પાંચ વનડે શ્રેણીમાં ૪-૧થી પરાજય આપ્યો છે.

## વર્લ્ડ બેડમિન્ટન રેક્રિંગ્સઃ પાંચ ભારતીય પુરુષ ખેલાડી ટોપ-૨૦માં

વિશ્વ બેન્ડમિન્ટન રેક્રિંગ્સની આજે જાહેરાત કરવામાં આવી છે. પુરુષોના વિભાગમાં સિંગલ્સમાં રમતા ભારતના પાંચ ખેલાડીઓએ ટોપ-૨૦માં સ્થાન મેળવ્યું છે.

કિદામ્બી શ્રીકાંત હાલ ૮મા ક્રમે છે. તે મેન્સ સિંગલ્સ કેટેગરીમાં ભારતીયોમાં મોખરે છે. ત્યારપછીના ક્રમે આવે છે એચ.એસ. પ્રણય, જે ૧૫મા નંબરે છે. જાપાન ઓપન બેડમિન્ટનમાં તે ક્વોર્ટર ફાઈનલમાં પહોંચ્યો હતો એટલે તેણે રેક્રિંગ્સમાં ચાર સ્થાનની છલાંગ લગાવી છે.

બી. સાઈ પ્રણીત ૧૭મા, સમીર વર્મા ૧૯મા અને અજય જયરામ ૨૦મા નંબરે છે. ગયા ઓગસ્ટમાં વિશ્વ સ્પર્ધા જીતનાર ડેન્માર્કનો વિક્ટર એક્સલ્સન રેક્રિંગ્સમાં પહેલા નંબરે છે. એણે દક્ષિણ કોરિયાના સોન વાન હો ને પાછળ રાખી દીધો છે.

૨૩ વર્ષીય એક્સલ્સન ૭૬,૨૦૦ પોઈન્ટ્સ સાથે પહેલા નંબરે છે. આ અઠવાડિયે જાપાન ઓપન સુપરસિરીઝમાં મલેશિયાના ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-૧ લી ચોન્ગ વેઈને હરાવ્યા બાદ એક્સલ્સનના પોઈન્ટ્સમાં જબ્બર ઉછાળો આવ્યો છે.

મહિલાઓની સિંગલ્સના વિભાગમાં, ભારતની ઓલિમ્પિક ચંદ્રકવિજેતાઓ પી.વી. સિંધુ અને સાઈના નેહવાલ અનુક્રમે દ્વિતીય અને ૧૨મા ક્રમે યથાવત્ રહી છે. મહિલાઓની સિંગલ્સ યાદીમાં ચીનની તાઈ તૂ યીન્ગ પહેલા નંબરે છે જ્યારે રિયો ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર સ્પેનની કેરોલીના મેરીન ચોથા ક્રમે છે.

## દાંતીવાડા કૃષિ...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

આ સેમિનારમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વેટર્નરી વિભાગના ડીનર્ડા.ડી.વી.જોષી, ડેરી સાયન્સના ડીન ર્ડા.બી.જે.પટેલ, ર્ડા.સમીર રાવલ, ર્ડા.અરૂણ પટેલ વગેરે વક્તાઓએ પ્રેઝન્ટેશન સાથે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારમાં બનાસકાંઠા જિલ્લામાં રીંછ હુમલાના બનાવ સમયે શ્રેષ્ઠ કામગીરી કરનારા વન ખાતાના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ અને સરદાર પટેલ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વેટર્નરી ઓફિસરોને વન્ય સંરક્ષણ માટે ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા નાયબ વન સંરક્ષક આઇ.કે.બારડ, સબ ડી.એફ.ઓ.શ્રી ડુંગરસિંહ સોલંકી, દાંતીવાડા આર.એફ.ઓ.શ્રી ચંદ્રકાંતભાઇ જોષી સહિત વન વિભાગના અધિકારીઓ, વન મંડળીઓના સભ્યો, કોલેજના વિધાર્થીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ગૌ માતાના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સાથે ગૌ શાળા ને પણ ભારે નુખસાન થવા પામ્યું છે.તો ધાનેરા ગૌ ભગતો ધાનેરા નગર ને આ રૂડા અવસરે આવવા નું ખાસ આમંત્રણ આપે છે. ભગતી સાથે દાન નો અવસર એટકે શરદ પૂર્ણિમા ગરબા મહોશવ ગૌ માતા ના લાભાર્થે. ધાનેરા ગૌ ભગત મોબતાજી રાજપૂત એ પણ ની મુલાકત દરમિયાન વધુને વધુ ગૌ ભગતો આ કાર્યક્રમ માં આવે તે માટે ની હાલ તમામ વેવસ્થા કરવામાં આવી રહી છે.

આજે ધાનેરા ગાયત્રી મંદિર ખાતે આયોજન માટે બેઠક રાખવામાં આવી હતી .જેમાં ગૌ ભગતો દવારા પૂનમ ના દિવસ ની તમામ તૈયારી કરવામાં આવી હતી.જેમાં મહા આરતી.ગૌ પૂજન.મહા પ્રસાદ સાથે અનેક ધાર્મિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવશે જેની માહિતી ગૌ સેવા સમિતિ ના અધ્યક્ષ. ત્ર્મ્બકશ્વર શાસ્ત્રી જી ને આપી હતી.

## ગાયત્રી તીર્થ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ઔષધાલય (ડીસાવાળા) જેવા તજજ્ઞોએ માર્મિક તથા ગુઢ માર્ગદર્શન આપી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા.

ડો.સાખેલા એ પ્રોજેક્ટના પ્રેજન્ટેશન દ્વારા ઔષધિય વૃક્ષો છોડ તથા વેલાઓની જાણકારી આપી હતી. તેમજ ડો.જીતુભાઈ વૈધએ રસપ્રદ તેમજ છટાકેદાર વાણીમાં પોતાની કોઠાસુજથી જડી - બુટ્ટી તથા ઔષધિસે દ્વારા રોગ મુક્ત થવાના નુશખા બનાવ્યા જેમાં ખાસ કરીને રસોડાની આદર્શ રસોઈ તથા ખેતી ગાય ઔષધને માનવજીવનમાં અપનાવીએ તો કોઈ ડોક્ટર કે વૈદ્યની ૯૦ ટકા જરૂર પડતી નથી. સ્ત્રીઓના રોગ ઉપર ખુબજ સુંદર માર્મિક ઉદાહરણ સાથે માર્ગદર્શન આપ્યું.

વન વિભાગના અધિકારી ગોવિંદભાઈ ચૌધરી દ્વારા ઔષધિઓ માનવ - જીવનને નિરોગી તંદુરસ્ત બનાવે છે. આ બાબતે પોતાના જીવનનું ઉદાહરણ આપી એલોપેથી દવાને જાકારો આપી આયુર્વેદિક દ્વારા ફરીથી પોતાની તંદુરસ્તી મેળવી શકાય છે આમ ઔષધિઓ આપના માટે ખુબજ લાભ દાયક છે. અત્રે ૧૦૦ જાતની ઔષધિય વનસ્પતિ નિહારી.

આ કાર્યક્રમને સફળ બનાવવા આસો નવરાત્રી અનુષ્ઠાન સત્રના તપસ્વી ભાઈ બહેનો અંબાજી ગામના ગ્રામજનો સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા ગાયત્રી તીર્થ અંબાજીના પરિજનોએ લાભ લીધો.

## ડીસા સહિત...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નવરાત્રી બાદ પણ ગરમીનું પ્રમાણ યથાવત રહેતા રવિ સીઝનનું વાવેતર પણ 'લેટ' થવાની સંભાવના જોવા મળી રહી છે. આમ તો આસો મહિનામાં જિલ્લામાં રાયડો સહિતના વાવેતરની શરૂઆત થઈ જતી હતી પણ આ વર્ષે આસો મહિનામાં પણ ગરમીનું પ્રમાણ જોવા મળતા ખેડૂતો થોડા સમય પછી શિયાળું વાવેતર શરૂ કરશે. હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં પણ ગરમીનું પ્રમાણ યથાવત રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. ત્યારે પ્રજાજનોને દિવસે ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

## કાંકરેજના મોટા...

**પાના નં.૮ ચાલુ...**

કરાયેલ પાળા બાંધીના કોન્ટ્રાકટર જલારામ કેન્સ્ટ્રકશન અમદાવાદ મારફત આ જમીનમાંથી ખોદકામ કરી માટી લેવામાં આવતી હોવાનું જાણવા મળ્યુ હતું જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગૌચરની જમીન કોઈ પણ હેતુ માટે ન આપવાની સૂચના હોવા છતાં તેનો માર્ગદર્શિકાની વિરૂધ્ધ જઈ મોટા જામપુર ગ્રામ પંચાયતે ગૌચરની જમીનમાંથી માટી ઉલેચવાની પરવાનગી આપતો ઠરાવ કર્યો છે જે ઠરાવના આધારે કન્સ્ટ્રકશન કંપનીએ અંદાજે ૫ થી ૬ એકર જમીનમાંથી ૩ થી ૪ મીટર ઉડાઈ સુધી ખોદકામ કરી સરકારમાં કોઈ પણ જાતની રોયલ્ટી ન ભરીને કરોડો રૂપિયાનું નુકશાન પહોંચાડવાનું બહાર આવ્યું હતું આ ઉપરાંત ખોદકામ માટે ખાણ અને ખનીજ વિભાગની મંજુરી પણ કંપની દ્વારા લેવાઈ ન હોવાનું ખુલ્યું હતું.

આથી મામલતદાર સહિતની ટીમે ખારીયા ચાર રસ્તાથી મોટા જામપુરા વચ્ચે ખોદકામના સ્થળ સુધી માટી ભરેલા ૧૧ ટ્રબા ઝડપી લીધા હતા. આ ઉપરાંત સ્થળ ઉપરથી અન્ય ૧૪ ખાલી ટર્બા અને બે હીટાચી મશીન મળી ૨૭ વાહનો કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીના પગલે સમગ્ર તાલુકાના ભૂમાફીયામાં ફફડાટ સાથે ખળભળાટ વ્યાપી જવા પામ્યો છે.

## ડીસામાં ભાજપ...

**પાના નં.૮ ચાલુ...**

બક્ષી મોરચાનું સંમેલન ડીસાના રાણપુર રોડ પર આવેલ રાજશ્રી કોલ્ડ સ્ટોરેજ ખાતે બુધવારે યોજાયુ હતું. જેમાં ગુજરાત પ્રદેશથી મોરચાના પ્રમુખ દીનેશભાઈ અનાવાડીયા, બનાસકાંઠા જિલ્લા ભાજપના મહામંત્રી અમૃત દવે, જિલ્લા બક્ષી મોરચાના અધ્યક્ષ રમેશ દેલવાડીયા, ડીસા પાલિકા પ્રમુખ પ્રવીણ માળી, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ, મહામંત્રી અશોક પટેલ, ચેતન ત્રિવેદી સહિત જિલ્લા ભરમાંથી બક્ષી મોરચામાં સમાવિષ્ટ તમામ જ્ઞાતિના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે બક્ષી મોરચાના પ્રદેશ અધ્યક્ષ દિનેશ અનાવડિયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસે સતત વર્ષો સુધી બક્ષી જાતિઓને ખુબજ અન્યાય કયો છે. જ્યારે ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ થી પછાત જાતિઓને અનેક પ્રકારના લાભ આપે છે. તાજેતરમાં જ સરકારે ક્રિમીલેયરની મર્યાદા વધારી રૂ.છ લાખથી રૂ.આઠ લાખ સુધી કરી જેનો મહત્તમ ફાયદો પ્રદેશની બક્ષી જાતિઓને થયો છે. તમામ આગેવાનોએ કાર્યકરોએ બનાસકાંઠામાં તમામ નવ બેઠકો પર કોઈ પણ ઉમેદવાર આવે પરંતુ કમળના નિશાનને જ જીતાડવા તેઓ સામુહિક સંકલ્પ કર્યો હતો.

## કાંકરેજના દેવપુરા...

**પાના નં.૮ ચાલુ...**

પાડવા બાબતે બોલાચાલી થતા કટુજી રાયચંદજી ઠાકોરે ઠાકોર બચુજી પુનાજીને માથાના ભાગમાં ધારીયાનો ઘા ઝીંકી નાસી છુટેલ જ્યારે બચુજી ઠાકોર બેહોશ થઈને જમીન ઉપર પડી ગયા હતા ત્યારે સવારે મોડા સુધી ઠાકોર બચુજી ઘરે ન આવતા તેમના ભત્રીજા અશોક ઠાકોર નદીમાં તપાસ કરવા જતા બેહોશ હાલતમાં ઠાકોર બચુજીને જોતા ૧૦૮ થરાને ફોન કરી જાણ કરી તાત્કાલિક સારવાર માટે દાખલ કરાયા હતા.

આ બાબતે શિહોરી પોલીસ મથકે ઠાકોર કટુજી રાયચંદજી સામે ફરીયાદ નોંધાવેલ. મારનાર દેવપુરા ગામના સરપંચનો ભત્રીજો હોવાનું ચર્ચાય છે.

## ધાનેરા કોર્ટનો ...

**પાના નં.૮ ચાલુ...**

આરોપી બ્રાહ્મણ ગેનાજી ચમનાજીને કુલ દોઢ વર્ષની સજા અને રૂ.૫૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. ફરીયાદી પક્ષે સરકારી વકીલ પ્રકાશ જોષી અને બી.સી.બારોટે ધારદાર દલીલો કરી હતી.

## પાલનપુર તાલુકાના...

**પાના નં.૮ ચાલુ...**

બાબતની સીંધી જીન્તાબેન રબુશા ને જાણ થતાં તેણીએ પાલનપુર તાલુકા મામલતદાર કચેરી, પ્રાંત કચેરીમાં નોંધની એન્ટ્રી રદ કરાવવા વાંધો આપીને કસુરવાર કૌભાંડીઓ તથા ખોટુ રેકર્ડ ઉભુ કરનારા તત્વો સામે પગલાં ભરવા અરજી કરેલ હોવાનું જાણવા મળેલ છે. નવાઈની વાત એ છે કે, વારસદારોના નામો મરનારના ખાતામાં દાખલ કરવા રજુ થયેલ અરજી મરણનો દાખલો - પેઢીનામું પંચનામું સોગંદનામું જે વારસાઈ નોંધ માટે રજુ કરાયું છે તે તમામ ખોટુ છે અને ગુનાહીત કૃત્ય આચરવામાં આવેલ છે. ધાણધા ગામના આ કૌભાંડ બાબતે કદાચ પોલીસ ફરિયાદ થાય તેવા પણ ભણકારા વાગી રહ્યા છે. ત્યારે તાલુકા મેજીસ્ટ્રેટએ તથા જિલ્લા કલેક્ટરે જીવીત મહિલાને મૃત્યુ પામેલ જાહેર કરી જેનો કારસો રચેલ છે. તેઓની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની જરૂરી છે.

## દીઓદર સીટ...

**પાના નં.૮ ચાલુ...**

ધરાવતા બી.કે.જોષી તાલુકાના સુરાણા ગામના વતની છે. તેઓ ૧૯૮૦થી પાર્ટીના અદના કાર્યકર રહ્યા છે.બે વખત તા.પં.ના સદસ્ય તરીકે તેમજ દીઓદર- ભાભર માર્કેટના ચેરમેન પદે સેવાઓ આપેલ છે. હાલે જીલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. આ પહેલાં તેઓએ દીઓદર તાલુકા કોંગ્રેસના સમિતિના પ્રમુખ તરીકે ૬ વર્ષ સુધી સેવાઓ આપી છે. તેમજ કોંગ્રેસ સંગઠનમાં જી.પી.સી.સી.ના સદસ્ય તરીકે સેવા આપેલ છે. તેમજ તેઓ શૈક્ષણિક ક્ષેત્રે ઘણી સંસ્થાઓમાં સેવાઓ આપી રહ્યા છે. સામાજીક ક્ષેત્રે પાંચ પરગણા બ્રહ્મ સમાજના જનરલ સેક્રેટરી તરીકે સુંદર કામગીરી નિભાવી છે.

તેઓ સતત મતદારો સાથે આગવી સુઝબુઝ ધરાવી ધનિષ્ઠ સબંધો નિભાવેલ હોઈ તેમજ વેપારી વર્ગમાં સારી એવી નામના ધરાવવા સાથે ચૌધરી સમાજ સાથે પણ સારો એવો ઘરાબો ધરાવે છે.

# પેટ્રોલ-ડીઝલ પર વેટ પાંચ ટકા સુધી ઘટાડવા રાજ્યોને અપીલ

નવીદિલ્હી

પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આજે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ડીઝલ અને પેટ્રોલ ઉપર એક્સાઇઝ ડ્યુટી બે રૂપિયા ઘટાડી ચુકી છે ત્યારે હવે રાજ્યોને પણ વેટ ઘટાડવા માટે અપીલ કરશે. ધર્મેન્દ્ર પ્રધાન ટૂંક સમયમાં જ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને પેટ્રોલ-ડીઝલ પર લાગૂ વેટ ઘટાડવા માટે અપીલ કરશે. હકીકતમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો ઉપર વેટમાં ઘટાડો કરવા દબાણ લાવી શકે નહીં. માત્ર મુખ્યમંત્રીઓને અપીલ કરી શકે છે. એમ કહેવામાં આવે છે કે, ધર્મેન્દ્ર પ્રધાન કિંમત ઘટાડવાની દિશામાં કેન્દ્ર સરકારની નવી પહેલને રજૂ કરીને મુખ્યમંત્રીઓ તરફથી પગલા લેવા માટે અપીલ કરશે. ભાજપે પણ કેન્દ્ર સરકાર તરફથી એક્સાઇઝ ડ્યુટીમાં ઘટાડો કરવાના નિર્ણયની પ્રશંસા કરી છે. ભાજપના નેતાઓનું કહેવું છે કે, કેન્દ્ર સરકાર પાસે જે વિકલ્પો હતા તે વિકલ્પોનો ઉપયોગ કરવામાં આવી ચુક્યો છે. હવે રાજ્યોને પણ વેટમાં ઘટાડો કરીને સામાન્ય લોકોને વધુ રાહત આપવી જોઇએ. કેન્દ્ર સરકારના એક અધિકારીએ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું છે કે, સરકાર ઓઇલ માર્કેટિંગ કંપનીઓને પણ પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં ઘટાડો કરવાની દિશામાં વિકલ્પો શોધી કાઢવા માટે અપીલ કરશે.

# ક્રિમિલેયરથી બાકાત રાખવા માટે મર્યાદા વધી આઠ લાખ

અમદાવાદ

રાજ્યના વિદ્યાર્થીઓને ઘર આંગણે જ ઉચ્ચસ્તરનું શિક્ષણ સસ્તુ અને ઝડપથી મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અનેકવિધ નિર્ણય કર્યા છે. વિદ્યાર્થીઓના હિતમાં સંવેદનશીલ મુખ્યમંત્રીએ અન્ય પછાતવર્ગો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નતવર્ગમાંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા ૬.૦૦ લાખથી વધારીને ૮.૦૦ લાખ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

# જીવીએ ગ્રોથનો અંદાજ ઘટાડીને ૬.૭ ટકા કરવાનો નિર્ણય

મુંબઈ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂં-કાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કમિટિએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અલબત્ત એસએલઆરને ૦.૫ ટકા ઘટાડીને ૧૯.૫ ટકા કરવામાં આવ્યો હતો. બીજી બાજુ રિઝર્વ બેંકે જીડીપી ગ્રોથના અંદાજિત દરને ૦.૬ ટકા ઘટાડી દીધો છે. રિઝર્વ બેંકના કહેવા મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૮માં દેશમાં જીડીપી દર ૬.૭ ટકાના દરે વધી શકે છે. એમપીસીના સભ્ય પ્રોફેશર ધોળકિયાએ ઓછામાં ઓછા ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરવા માટેનો અંદાજ મુક્યો હતો પરંતુ સમિતિએ તેમની વાત સાંભળી ન હતી. રિઝર્વ બેંકના ગ્રોથના અંદાજને ૬.૭ ટકા કરી દેવામાં આવ્યો છે જે અગાઉ ૭.૩ ટકા દર્શાવવામાં આવ્યો હતો. આરબીઆઈએ તેની નીતિ સમીક્ષામાં સાફ શબ્દોમાં કહ્યું છે કે, કૃષિ લોન માફીના પરિણામ સ્વરુપે ગ્રોથ ઉપર અસર પડશે.

કેન્દ્રીય બેંકે એમ પણ કહ્યું છે કે, કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓને જે એચઆરએ આપ્યો છે તે ખર્ચ થયાની સ્થિતિ અર્થતંત્રમાં તેજી આવશે. રિઝર્વ બેંકે ઓક્ટોબર-માર્ચ ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૨-૪.૬ ટકા રહેવાનો અંદાજ મુક્યો છે. તેના કહેવા મુજબ જાન્યુઆરીથી માર્ચ ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૬ ટકા રહી શકે છે. રિઝર્વ બેંકે કન્ઝ્યુમર મોંઘવારી દર ચાર ટકા સુધી રોકી દેવા માટે ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લી વખતે ઓગસ્ટ મહિનામાં બીજી તારીખે નાણાંકીય નીતિ સમીક્ષા બાદ રિઝર્વ બેંકે રેપોરેટ અને રિવર્સ રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. અલબત્ત કેન્દ્ર સરકારે આશા વ્યક્ત કરી છે કે, નાણાંકીય નીતિ સમીક્ષામાં પણ નીતિગત દરોમાં ફેરફાર થઇ શકે છે. દેશની સૌથી મોટી બેંકે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, આરબીઆઈ કેટલાક પાસાઓને ધ્યાનમાં લઇને આગળ વધી રહી છે.

# મને નથી લાગતું ધોની ૨૦૧૯નો વિશ્વકપ જીતી શકે : મોહિન્દર અમરનાથ

ભારતીય ક્રિકેટ ટીમમા મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ હાલમાં જ સ્પષ્ટતા કરી છે કે વિકેટકીપર મહેન્દ્ર સિંહ ધોની એકદમ ફિટ છે તે ૨૦૧૯નો વિશ્વકપ રમવા માટે દાવેદાર છે. જોકે પૂર્વ નેશનલ સિલેક્ટર ૧૯૮૩નો વિશ્વકપ જીતાડનાર મોહિન્દર અમરનાથે તાજેતરમાં ધોનીને લઈને નિવેદન આપ્યું છે કે મને નથી લાગતું કે ધોની ૨૦૧૯નો વિશ્વકપ જીતી શકશે.

ભારત માટે ૬૯ ટેસ્ટમેચ અને ૮૫ વન-ડે રમી ચૂકેલા અમરનાથે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે ૨૦૧૯ના વિશ્વકપ પહેલાં ધોનીનું પ્રદર્શન કેવું છે એના પર બધો આધાર છે. હું કાલે શું થશે એની ચર્ચાઓમાં વિશ્વાસ નથી રાખતો. જો ધોની સારું રમશે તો મારા બેસ્ટ વિશ તેમની સાથે જ છે. હું આશા રાખું કે એવું થાય પણ મને અત્યારે તો એવું લાગતું નથી.

ધોની હાલમાં ટીમમાં સૌથી સિનિયર ખેલાડી છે અને તેઓ ટીમમાં રહે એ બહુ જરૂરી છે. કોચ શાસ્ત્રી હાલમાં વિશ્વકપની તૈયારીના ભાગરૂપે નવા-નવા ચહેરાઓને અજમાવી રહ્યા છે. હાલમાં ટીમની કેપ્ટનશિપ ભલે વિરાટ કોહલી પાસે હોય પણ મેદાનમાં ધોની તેને જરૂરી ટિપ્સ આપતા રહે છે. આ સંજોગોમાં ધોની વિશ્વકપ ૨૦૧૯માં ભાગ લે છે કે નહીં એ જાણવું જરૂરી બની જશે.

# સ્ટાર પીવી સિંધુનું નામ પદ્મ ભૂષણ સન્માન માટે મોકલાયું

સિંધુએ રીયો ૨૦૧૬માં સિલ્વર મેડલ અને હાલમાં જ કોરીયન ઓપન સુપર શ્રેણી પર કબજો મેળવ્યો હતો

૨૨ વર્ષીય સ્ટાર શટલર પીવી સિંધુને દેશના ત્રીજા સૌથી મોટા નાગરિક સમ્માન પદ્મ ભૂષણ માટે નોમિનેટ કરવામાં આવી છે. રમત-ગમત મંત્રાલયે વર્લ્ડ નંબર-૪ બેડમિન્ટન ખેલાડી સિંધુના નામની અનુશંસા કરી છે. રીયો ઓલમ્પિક-૨૦૧૬ની સિલ્વર મેડલિસ્ટ સિંધુએ હાલમાં જ કોરીયા ઓપન સુપર શ્રેણી પર કબજો મેળવ્યો હતો, જોકે ત્યારબાદ તે જાપાન ઓપનનું ટાઈટલ જીતવામાં નિષ્ફળ રહી હતી. પીવી સિંધુને આ પહેલા ૨૦૧૫માં ચોથુ સૌથી મોટુ નાગરિક સમ્માન પદ્મશ્રીથી નવાજવામાં આવી હતી. ૨૦૧૬માં તેને સર્વોચ્ચ રમત સમ્માન રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી હતી. જ્યારે ૨૦૧૩માં તેને અર્જુન એવોર્ડથી પણ નવાજવામાં આવી હતી. આ સાથે જ તે સાયના નહેવાલ અને પુલેલા ગોપીચંદના એલિટ ક્લબમાં સામેલ થઈ જશે. સિંધુએ ચાલુ વર્ષે સૈયદ મોદી ઈન્ટરનેશનલ ટાઈટલ, ઈન્ડિયા ઓપન ટાઈટલ ઉપરાંત કોરીયા ઓપન પર કબજો મેળવ્યો હતો. વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ-૨૦૧૭માં તે ઈતિહાસ રચવાથી સહેજ માટે ચુકી ગઈ હતી, તે ફાઈનલમાં જાપાનની નોજોમી ઓકુહારાથી ૨૧-૧૯, ૨૦-૨૨, ૨૨-૨૦થી હારી ગઈ હતી.

# એક દિવસીય મેચની શ્રેણીમાં ગુજરાતી ખેલાડી હાર્દિક પંડયા શ્રેણીનો સર્વશ્રેષ્ઠ ખેલાડી : મેન ઓફ સીરીજનો એવોર્ડ

ભારતે ઓસ્ટ્રેલિયા સામે એક દિવસીય મેચની પાંચ મેચોની શ્રેણી ૪-૧થી શ્રેણી જીતી લીધી છે. આ શ્રેણીના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે ગુ-જરાત ખેલાડી હાર્દિક પંડયાને મેન ઓફ ધ સીરીજ જાહેર કરવામાં આવ્યો હતો અને તેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. હાર્દિક પંડયાએ પાંચ મેચમાં ૨૨૨ રન અને છ વિકેટ લીધી હતી. પાંચમી અને છેલ્લી એક દિવસીય મેચ ગઇકાલે નાગપુરમાં પુરી થઇ હતી ભારતે ૪૨.૫ ઓવરમાં જીતવા માટેના ૨૪૩ રન કર્યા હતાં.ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ દાવ લીધો હતો ઓસ્ટ્રેલિયાએ નવ વિકેટના ભોગે ૨૪૨ રન કર્યા હતાં.

તેના જવાબમાં ભારતે ત્રણ વિકેટ ગુમાવીને ૪૨.૫ ઓવરમાં જરૂરી ૨૪૩ રન કર્યા હતાં. તેમાં રોહિત શર્મના ૧૨૫ રન હતાં. ઓપનીગમાં આવેલા રોહિત શર્માની સાથે અજિકય રહાણેએ પણ અડધી સદી બનાવી હતી. ભારતે રહાણે રોહિત શર્મા અને કપ્તાન વિકાટ કોહલીની વિકેટો ગુમાવી હતી કેદાર જાધવ અને મનીષ પાંડે રમતમાં હતાં ત્યારે જીતવા માટેના ૨૪૩ રન કર્યા હતાં

આ મેચમાં ત્રણ ગુજરાતીઓએ પ્રભાવશાળી દેખાવ કર્યો હતો ભારતે ચોથી વન ડે એટલા માટે ગુમાવી હતી કે તેના ત્રણ મજબુત બોલર ભુવનેશ્વરકુમાર,જસપ્રીત બુમરાહ અને હૈટ્રીક લેનાર કુલદીપ યાદવને પડતા મુકયા હતાં અને તેની જગ્યાએ મોહમ્મદ શામી ઉમેશ યાદવ અને અક્ષર પટેલને લીધા હતાં. આથી ચોથી એક દિવસીય મેચ ભારત હારી ગયુ હતું.

આથી ભારતે પાંચમી એકદિવસીય મેચમાં ફરીને આ ત્રણેય મજબુત બોલરને લીધા હતાં આ ઉપરાંત ચુજવેન્દ્ર ચહલની જગ્યાએ અક્ષર પટેલને લીધો હતો. આ પાંચમી એક દિવસીય મેચમાં ત્રણ ગુ-જરાતી ખેલાડી અક્ષર પટેલે ત્રણ વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહે બે વિકેટ લીધી હતી અને હાર્દિક પંડયાએ માત્ર બે ઓવર જ નાખી હતી અને એક વિકેટ લીધી હતી આમ છ વિકેટ આ ત્રણેય ગુજરાતી ખેલાડીઓએ લીધી હતી.

એટલું જ નહીં પરંતુ એકથી સાત ક્રમાંક સુધીના ઓસ્ટ્રેલિયાના બેટસમેનોમાંથી છ વિકેટો આ ત્રણ ગુજરાતી ખેલાડીઓએ લીધી હતી.

ભારત ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સીરીજ પણ ભારત જીતી ગઇ હતી અને એક દિવસીય મેચની શ્રેણી પણ ભારત જીતી ગયુ હતું આથી ભારતનો આઇસીસીના રેકિંગમાં ફરીને ક્રમાંક એક ઉપર આવી ગયો હતતો.

હવે ભારતે ઓસ્ટ્રેલિયા સામે ૭ ઓકટોબરથી ત્રણ મેચ ટવેન્ટી ટવેન્ટી ૨૦ ઓવરની રમવાની છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૩૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૩૦૦ | નર્મદા મગ પોલીસ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૨૦૦ | ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **રાધે પામોલીન ૧૦૦૦** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૯૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૬૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૫૪૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૪૭૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૬૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૨૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૩૮૮ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ૯૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૬ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૫૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | મરચાં ૩૦૦-૪૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લીંબુ ૫૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | આદુ ૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | રીંગણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | ટામેટા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | કોબી ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | ટીંડસા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ગવાર ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ચોળી ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | તુરીયા ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહી.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ......................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ............................................................

સરનામુ : ............................................................

મોકલનારની સહી : ................................................

# હનુમંત હેડુવા ગ્રામ પંચાયત ઓફિસમાં ચોરીનો પ્રયાસ

મહેસાણા

મહેસાણા તાલુકાની હનુમંત હેડુવા ગ્રામપંચાયત ગમે તે કારણસર ચર્ચામાં રહેવા પામેલ છે, ત્યારે આ ગ્રામપંચાયતને કોઈ અજાણ્યા શખ્સોએ નિશાન બનાવી ઓફીસના તાળાં તોડી ચોરીનો પ્રયાસ કરવામાં આવતા વધુ એક વખત પંચાયત ચર્ચામાં આવી છે. આ બાબતે સરપંચે મહેસાણા તાલુકા મથકે ફરીયાદ નોંધાવી છે. જાણવા મળતી વિગતો અનુસાર હનુમંત હેડુવા ગ્રામપંચાયતના સરપંચ સંજય જેઠાભાઈ પરમારે ગત રવિવારે અજાણ્યા શખ્સો સામે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ૨૫ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન અજાણ્યા શખ્સોએ ગ્રામ પંચાયતના ઉપરના માળે ઓફીસનું તાળું તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જે બાબતે સરપંચને જાણ થતાં તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

# કડી-છત્રાલ રોડ પર કારની ટક્કરથી કિશોરનું મોત

મહેસાણા

કડી-છત્રાલ રોડ પર કારની અડફેટે આવી જતાં એક કિશોરને ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું મોત નિપજયું હતું. આ બાબતે કડી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવામાં આવી છે. જાણવા મળતી વિગતો અનુસાર પાંજરાપોળ બસ સ્ટેન્ડ પાસે ગત રવિવારે એક કારચાલકે પુર ઝડપે કાર ચલાવી ૧૯ વર્ષીય મુકેશ યાદવને ટક્કર મારતા તે નીચે પટકાયો હતો. ગંભીર ઈજાઓના કારણે તેનું મોત નિપજયું હતું. આ અંગે સંજયના ભાઈ રામદાન યાદવે કડી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

## એલ.એન.કે. કૉલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઈ.) પાટણમાં ગાંધીજયંતિની ઉજવણી

પાટણ

ભારતના મહાન રાજનેતા તેમજઆપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૨ જી ઓક્ટોબરે તેમની જન્મ જયંતિની ઉજવણી કરાઈ હતી.. તેમાં લાલ બહાદુર શાસ્ત્રી સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, અટલ બિહારી બાજપાઈ, અબ્દુલ કલામ જેવા મહાન વ્યક્તિઓને યાદ કરવામાં આવ્યા હતા. જયારે એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ કરે તેની પણ ભવ્ય ઉજવણીના ભાગ રૂપે તેમજ ગાંધીજયંતિ નિમિત્તે મહાત્મા ગાંધીને યાદ કરવામાં તેમના જીવન સંદેશ અને જીવનના તેમના આદર્શથી ભાવિ શિક્ષક મિત્રો દ્વારા પાટણ શહેરમાં સ્વચ્છતા તેમજ મહિલા સશક્તિકરણ અને મહાત્મા ગાંધીજીના આદર્શને રેલી સ્વરૂપે રેલીનું આયોજન કરવામાં આવેલ. ૫૦ વર્ષ પૂર્ણ કરે છે કોલેજ ત્યારે તેની હર્ષાભેર ઉજવણીમાં રાજ્ય કક્ષાએ રંગોળી સ્પર્ધા તેમજ શેરી નાટકનું આયોજન કરવામાં રેલીમાં ૪૦૦ તાલીમાર્થીઓની સંખ્યા જોડાઈ હતી.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | મગ | ૮૩૮-૮૮૭ |
| એરંડા | ૮૯૨-૮૯૭ | મઠ | ૮૨૨ |
| રાયડો | ૬૩૦-૬૪૨ | ચોળા | ૬૪૨-૭૧૧ |
| ઘઉં | ૨૮૦-૩૧૯ | ગવાર | ૬૪૧-૬૭૦ |
| બાજરી | ૨૧૦-૨૪૨ | મગફળી | ૫૭૧ |
| રાજગરો | ૭૩૦-૭૮૧ | રાયડો | ૬૧૦-૬૭૦ |
| મગફળી | ૭૫૧-૮૩૫ | એરંડા | ૮૮૦-૮૯૬ |
| ગવાર | ૬૨૮-૬૬૦ | ઈસ. | ૧૯૫૦ |
| મગ | ૭૧૪-૭૯૨ | મેથી | ૫૦૧-૫૨૫ |
| અડદ | ૭૦૧-૭૨૧ | સુવા | ૭૩૦-૭૮૪ |
| | પાલનપુર | રાજગરો | ૬૬૧-૭૮૧ |
| એરંડા | ૮૨૨-૯૦૨ | વરી. | ૮૩૦ |
| ઘઉં | ૩૦૦-૩૩૮ | જીરૂ | ૨૫૦૦-૨૯૬૦ |
| બાજરી | ૧૮૨-૨૩૬ | રજકો | ૧૮૦૦-૨૫૦૧ |
| મગફળી | ૪૭૧-૮૩૬ | અન્ય | ૬૮૦-૮૨૭ |
| રાજગરો | ૫૦૦-૭૯૫ | | થરા |
| | લાખણી | જીરૂ | ૩૨૦૦-૩૪૬૧ |
| એરંડા | ૮૭૦-૮૯૦ | એરંડા | ૮૯૦-૮૯૭ |
| રાયડો | ૬૧૫-૬૪૭ | રાયડો | ૬૩૦-૬૫૦ |
| વરી. | ૮૦૦-૮૨૮ | ગવાર | ૬૫૦-૬૬૬ |
| સુવા | ૮૬૬ | ઘઉં | ૨૯૫-૩૦૮ |
| બાજરી | ૨૨૮-૨૩૫ | બાજરી | ૨૧૫-૨૪૦ |
| ર.બાજરી | ૨૬૮-૨૮૬ | ચીકુડી | ૭૦૦-૭૬૬ |
| ચીકુડી | ૭૦૦-૭૮૫ | મેથી | ૩૬૦-૪૫૫ |
| ગવાર | ૬૬૦-૬૭૦ | સુવા | ૮૦૦-૯૨૨ |
| રજકો | ૨૯૪૦-૩૦૦૧ | રજકો | ૨૬૦૦-૨૬૯૦ |
| મગ | ૬૦૩ | | પાટણ |
| | થરાદ | જીરૂ | ૨૩૨૫-૩૨૪૨ |
| એરંડા | ૮૭૦-૮૮૭ | એરંડા | ૮૮૦-૯૦૯ |
| રાયડો | ૬૪૦-૬૭૪ | વરી. | ૭૦૦-૮૬૦ |
| મેથી | ૪૫૦-૫૧૧ | સુવા | ૭૮૦-૮૬૬ |
| મગફળી | ૭૩૧-૯૫૦ | તલ | ૧૦૫૦-૧૧૧૧ |
| ગવાર | ૬૩૦-૬૬૫ | અજમો | ૬૬૬-૭૯૮ |
| અજમો | ૭૯૦-૧૦૪૫ | મેથી | ૪૪૦-૫૦૭ |
| જીરૂ | ૩૦૦૦-૩૫૬૦ | રાયડો | ૬૧૫-૬૪૬ |
| ઈસ. | ૧૮૦૦-૨૦૦૦ | અજમો | ૪૦૦-૯૦૧ |
| ચીકુડી | ૭૯૧ | ગવાર | ૬૧૯-૬૬૬ |
| રજકો | ૨૪૦૦-૨૭૫૦ | ઘઉં | ૩૦૦-૩૬૪ |
| | રાહ | બાજરી | ૨૦૦-૨૫૫ |
| બાજરી | ૨૩૦-૨૫૦ | બંટી | ૩૨૧-૩૩૭ |
| રાયડો | ૬૪૦-૬૫૦ | મગ | ૬૦૦-૭૫૫ |
| ચીકુડી | ૭૫૦-૮૮૦ | | સિદ્ધપુર |
| એરંડા | ૮૪૦-૮૫૦ | રાયડો | ૬૦૦-૬૪૭ |
| | વડગામ | એરંડા | ૮૮૦-૯૦૫ |
| ઘઉં | ૨૮૫-૩૧૦ | મગ | ૪૦૦-૯૧૧ |
| બાજરી | ૨૧૮-૨૨૫ | અડદ | ૬૬૭-૭૧૩ |
| એરંડા | ૯૦૦ | ગવાર | ૬૨૦ |
| ગવાર | ૬૯૦ | ચોળા | ૪૧૧-૬૧૫ |
| | ધાનેરા | ઘઉં | ૩૦૦-૩૫૦ |
| ઘઉં | ૨૮૫-૩૨૩ | બાજરી | ૧૬૦-૨૫૨ |
| બાજરી | ૨૨૫-૨૬૦ | | |

# તલોદના ઉજેડીયા માર્ગ પર બે બાઈક ટકરાતાં સલાટપુરના યુવાનનું મોત

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના કેશરપુરા ગામના માર્ગ પર ગત સોમવારે બે બાઈક અથડાતાં થયેલા અકસ્માતમાં ૨૧ વર્ષીય પાટીદાર બાઈક ચાલક યુવાનનું મોત થયું હતું તથા ભારે ઈજાઓના કારણે એક ક્ષત્રિય યુવાનની હાલત ગંભીર હોવાથી તેને અમદાવાદની સિવીલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

જાણવા મળતી વિગતો અનુસાર તલોદ તાલુકાના ઉજેડીયા રોડ પર આવેલા કેશરપુરા ગામના પાટીયા નજીક ગત સોમવારે જીવલેણ વાહન અકસ્માતમાં સલાટપુરા ગામના છોટાલાલ ગિરધરલાલ પટેલનો યુવાન પુત્ર પ્રકાશ ગાંધીનગર ખાતેની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો.

જે સવારે બાઈક લઈ સલાટપુરથી તલોદ આવતો હતો. તેનું બાઈક કેશરપુરા વિસ્તારમાંથી પસાર થતું હતું. ત્યારે સામેથી બાઈક લઈ આવતા વડોદરા ગામના વનરાજસિંહ રતનસિંહ ઝાલા (ઉ.વ.૪૫) (પો.કોન્સ્ટેબલ અમદાવાદ) ના બાઈક સાથે જોરદાર અથડાતાં પ્રકાશ અને વનરાજ બંને રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં પ્રકાશ છોટાલાલ પટેલ (ઉ.વ.૨૧) નું ઘટના સ્થળે મોત થયું હતું અને વનરાજને ગંભીર ઈજાઓના કારણે અમદાવાદની સિવીલમાં ખસેડવામાં આવેલ.

# મેવડ ટોલનાકા નજીક ટ્રકની ટક્કરથી એકનું મોત

મહેસાણા

મહેસાણા-અમદાવાદ હાઈ-વે પર મેવડ ટોલનાકા નજીક ટ્રક નીચે આવી જતાં એક શખ્સને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નિપજયું હતું. આ અંગે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણા-અમદાવાદ હાઈ-વે પર મેવડ ટોલનાકા નજીક ગત રવિવારે એક ટ્રક ચાલકે પુર ઝડપે ટ્રક ચલાવી અભેસિંહ તખતસિંહ નામના યુવાનને ટક્કર મારતાં તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેનું મોત થયું હતું. આ અંગે દશરથસિંહ પોપટજી ચાવડાએ ટ્રક નંબરના આધારે તેના ચાલક સામે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# ઈડર ખાતે બાળ લગ્ન નાબૂદી અભિયાન અંતર્ગત જાગૃતિ શિબિર યોજાઈ

ઈડર

સાબરકાંઠા જિલ્લાના ઈડર ટાઉન હોલ ખાતે ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમના સંયુક્ત ઉપક્રમે ધંધાકીય સીધા ધિરાણની વિવિધ યોજનાઓ તેમજ બાળ લગ્ન નાબૂદી અભિયાન અંતર્ગત વિધાન સભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં લોક જાગૃતિ શિબિર યોજાઈ હતી. પ્રાસંગિક ઉદબોધન કરતા અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે સમાજના અન્ય પછાત વર્ગના લોકો આર્થિક રીતે પગભર બની શકે તે માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મુદ્રા યોજના શરૂ કરી છે જેમાં વ્યવસાયિક લોન માટે રૂ. એક લાખથી લઈ રૂ. દશ લાખ સુધીની લોન આપવામાં આવે છે. જેનાથી સામાન્ય વર્ગનો માણસ પણ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી સ્વમાનભેર જીવન જીવી શકે તેવો સરાહનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. વધુમાં અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, સમાજમાં શિક્ષણ અનિવાર્ય છે શિક્ષણ થકી સમાજના ઘણા કુરીવાજો દૂર થઈ શકે છે. જે પૈકી બાળ લગ્નનો પણ સમાવેશ થાય છે. જેથી દિકરીઓને વધુ શિક્ષણ આપવુ એ હાલના સમયની માંગ છે. જાગૃતિ શિબિરમાં ઠાકોર કોળી વિકાસ નિગમના ચેરમેન શ્રી નંદાજી ઠાકોર તથા દેના ગુજરાત ગ્રામીણ બેંકના રીજીયોનલ મેનેજર શ્રી એચ.એલ.બેરવાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સીધી ધિરાણ હેઠળ લાભાર્થીઓને સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈડર નગર પાલિકાના પ્રમુખ શ્રીમતી કાન્તાબેન પરમાર, અગ્રણી અશ્વિનભાઈ પટેલ, નિગમના મે.ડીરેકટર શ્રી જશવંત ગાંધી, નાયબ નિયામક શ્રી પી.આર. મોદી સહિત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુરમાં સર્વોદય નેતા શ્યામસુંદરભાઈ પરીખનો અમૃત મહોત્સવ ઉજવાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં છેલ્લા ૪૦ વર્ષથી સર્વોદય કાર્યકર તરીકે કાર્ય કરતા ૮૩ વર્ષીય શ્યામસુંદરભાઈ પરીખનો અમૃત મહોત્સવ ઉજવવામાંઆવ્યો હતો, વિનોબા ભાવેની ભૂમિદાન ચળવળમાં ૧૨ વર્ષ સુધી તેમની સાથે રહીને હજાર ગામડામાં વીસ હજાર કિલોમીટર જેટલી પદયાત્રા કરીને ગાંધીવિચારનો તેમણે કર્મયોગ કર્યો હતો, વડનગરના ડો. દ્વારકાદાસ જોશી, રવિશંકર મહારાજ અને વિનોબા ભાવે સાથે મહેસાણા-બનાસકાંઠા જિલ્લામાં ૧૧ હજાર વીઘા જમીન જરૂરિયાતવાળાને વહેંચણી કરેલ,ત્યારબાદ સર્વોદય આરોગ્યનિધી ટ્રસ્ટ નોંધાવી રાધનપુરમાં સર્વોદય આંખની હોસ્પિટલ અને ચાર હજાર નેત્રયજ્ઞો દ્વારા ત્રણ લાખ વિનામૂલ્યે ઓપરેશન કેમ્પો કર્યા, રાધનપુર તેમનું કાર્યમથક હોઈ તેમના ચાહકો અને શુભેચ્છકોએ અમૃત મહોત્સવની ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમના જીવનને આલેખતા સર્વોદય જીવનના આરાધક શ્યામસુંદરભાઈ પરીખ ગ્રંથની લોકાર્પણ વિધિ ગોતરકાના સંત પૂજ્ય નિજાનંદ બાપુ, મુંબઈના લોકસેવક કુલીનકાન્તભાઈ ,ભારતીબેન વખારિયા, કિરીટભાઈ ઠક્કર અને તેમના સુપુત્ર અભિષેકના હસ્તે કરવામાં આવી હતી,આ ગ્રંથનું આલેખન જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્યએ કર્યું છે.ગાંધીપત્રના જાણીતા ગાંધીવાદી સંપાદક રમેશભાઈ સંઘવી તેમજ નિજાનંદ બાપુએ મનનીય પ્રવચન કરીને સર્વોદય નેતા શ્યામસુંદરભાઈ પરીખની પ્રખર ગાંધીવાદી પ્રવૃત્તિઓને બિરદાવી હતી.આ પ્રસંગે વિનોદભાઈ ગોકલાણી ,મહેશભાઈ મુલાણી ,બ્રહ્માકુમારીના પ્રમીલાદીદી, ડીસાના જાણીતા આંખના નિષ્ણાત ડો.કિશોરભાઈ આસનાની, વિસનગરના ડો. મિહિરભાઈ જોશી,પાલિકાના પૂર્વપ્રમુખ ડો.દેવજીભાઈ પટેલ, માલજીભાઈ દેસાઈ, પ્રકાશભાઈ દક્ષિણી ,પ્રવીણભાઈ મહાલક્ષ્મી, ડો.અંબાલાલ પટેલ સહીત આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અમૃત મહોત્સવના કર્મયોગી શ્યામસુંદરભાઈ પરીખે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે વ્યક્તિની પ્રશંસા, સન્માન, અહંમ વધારનાર, અધ્યાત્મ વિકાસને રોકનાર અને બધું હું કરું છું નો ભાવ થાય તેની પ્રગતિ મંદ બને છે જેથી તેઓ ભગવાનનું કામ માનીને સેવાનું કાર્ય કરે છે,નરસિંહ મહેતાના હજારમાં ભાગની ભક્તિ હોય તો પણ ભગવાન તેમનાં કાર્યોની હૂંડી સ્વીકારવા મોકલે છે. આ પ્રસંગે પાટણના અને હાલ મુંબઈ રહેતા સુરેન્દ્રભાઈ નાનાલાલ પરીખના દાન રૂ.૧,૧૧,૧૧૧ માંથી ૧૧૧ ફ્રી ઓપરેશન કરવાની જાહેરાત કરવામાં આવી હતી.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાયચંદભાઈ ઠક્કર, ધીરુભાઈ પંપવાળા, જયેશભાઈ ઠક્કર, ચુનીભાઈ ઠક્કર,ભાઈલાલભાઈ ઠક્કર સહિતે જહેમત ઉઠાવી હતી.

# વારાહીમાં હુમલા કેસમાં પાંચ શખ્સોની અટકાયત

## પોલીસ બંદોબસ્ત યથાવત

ચાણસ્મા

પાટણ જિલ્લાના સરહદી સાંતલપુર તાલુકાના મુખ્યમથક વારાહીમાં નવરાત્રિની આઠમના રોજ હિન્દુ યુવાનો દ્વારા યોજાયેલી બાઈક રેલીમાં જયશ્રી રામના નારા લગાવવાની બાબતની અદાવત રાખી બીજા દિવસે લઘુમતી યુવકો દ્વારા બ્રાહ્મણ યુવાન પર હિંસક હુમલો કરાયો હતો. આ ઘટના બાદ વધુ એક બ્રાહ્મણ યુવાનને નિશાન બનાવી હુમલો કરાતાં તંગદિલી પ્રસરી ગઈ હતી. બીજી બાજુ પોલીસ તંત્ર દ્વારા આ બે ઘટનાઓમાં સંડોવાયેલા શખ્સો પૈકી ૫ જણાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. જયારે વારાહી અને રાધનપુરમાં પોલીસ બંદોબસ્ત તેમજ પેટ્રોલીંગ યથાવત રાખવામાં આવ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વારાહીના કૌશિક વ્યાસ પરના હુમલા કેસમાં પોલીસે મંગળવારે બપોરે સરદારખાન ઈસબખાન મલેક અને નસીબખાન મહમદખાન મલેકને તેમના મહોલ્લામાંથી પકડી લેવામાં આવ્યા છે. જયારે કિશન જોસી પર હુમલાના કેસમાં અકરમ સિપાઈ, આસીફખાન કરીમ ખાન જતમલેક અને ફિરદોશ ખેતાભાઈ જતમલેકને પકડી લેવામાં આવ્યા હોવાનું પીએસઆઈ આર.બી.ભટોળે જણાવ્યું હતું. હાલ ગામમાં શાંતિપૂર્ણ માહોલ પ્રવર્તી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રીની આઠમના દિવસે વારાહીની અંબિકાનગર સોસાયટીમાં નવદુર્ગા આરતી અને શ્રધ્ધાંજલી કાર્યક્રમ અંતર્ગત નીકળેલી બાઈકરેલીમાં યુવાનો દ્વારા જયશ્રી રામના નારા લગવવામાં આવતાં તેની અદાવત રાખી કે કેટલાક લઘુમતી યુવકો દ્વારા હુમલો કરી શાંતિ ડહોળવાનો પ્રયાસ કરાયો હતો. આ મામલે ગોતરકા આશ્રમના સ્વામી નિજાનંદ બાપુએ જે કોઈ અસમાજિક તત્વો આ ઘટનાઓમાં સંડોવાયા તેમની તુરંત ધરપકડ કરવા જિલ્લા પોલીસવડા સહિતને રજૂઆત કરી હતી પોલીસે પણ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તુરંત કાર્યવાહી કરી હતી. હાલ શાંતિનો માહોલ સ્થપાયો હોવાનું જાણવા મળે છે.

# રાધનપુર શહેરમાં એસ.ટી.સ્ટેન્ડ પાસે ડો.આંબેડકરની પ્રતીમા મુકાશે

રાધનપુર

રાધનપુર શહેરમાં વિકાસ ગાંડો થયો છે કહેવાવાળાઓની જાણે કે બોલતી બંધ થઈ ગયી હોય તેમ લાગે છે, આજ-કાલ રાધનપુર નગરપાલિકા દ્વારા વિકાસની જે કામગીરી થઈ રહી છે એના ઉપરથી લાગે છે કે વિકાસ હવે ઉછાળા મારી રહ્યો છે,પટણી દરવાજાથી હાઈવે ચાર રસ્તા સુધીનો ગૌરવપથ જે બિસ્માર હાલતમાં પડ્યો હતો, જેના ઉપર વાહનચાલકો વાહન ચલાવતા ત્યારે આંતરડા અધ્ધર થઈ જતા હતા,આજે બે જ દિવસમાં રાતોરાત ડામરનો રોડ બની જતા શહેરના નાગરિકો અને ખાસ કરીને વાહનચાલકોમાં ખુશીની લહેર દોડી ગયી છે, જો કે હજુ ફિનિશિંગ કામ બાકી છે,જે બે દિવસમાં થઈ જાય તેવું છે,રૂ.૭૫ લાખના ખર્ચે પાલિકાના પદાધિકારીઓએ ડો.દેવજીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૌરવપથનું કામ કરીને વિકાસ ગાંડો થયો છે નું ગાણું બંધ કરાવી દીધું છે, આ ઉપરાંત બે-ચાર દિવસમાં જ ૧૪૨ રોડના વર્કઓર્ડર પણ આપી દેવામાં આવનાર છે,પાલિકા પ્રમુખ જુગલદાસ ગરોના જણાવ્યા મુજબ શહેરમાં દરેક વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટો લગાવી દેવામાં આવી છે,અને જે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો નથી ત્યાં સ્ટ્રીટ લાઈટો નાખવા માટે જી.ઈ.બી.માં એસ્ટીમેટ તૈયાર કરવાનું કહી દેવામાં આવ્યું છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ૫૦ જેટલા સી.સી.ટી.વી.કેમેરા પણ લગાવવામાં આવનાર છે,જે કામ વીસ દિવસમાં થઈ જશે. નગરપાલિકા દ્વારા દલિત સમાજની વર્ષો જૂની માંગણી મુજબ એસ.ટી.સ્ટેન્ડ પાસે ડો.બાબાસાહેબ આંબેડકરનું સ્ટેચ્યુ મુકવા માટેની તૈયારીઓ થઈ ગઈ છે,આ માટે પાલિકા દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ માટે સ્ટેન્ડ બનાવવા અંગે ટેન્ડર બહાર પાડી દેવામાં આવ્યું છે, અને ૧૪ માં નાણાપંચમાંથી રૂ.૮૫૩૫૦૦ ના ખર્ચે પેવર બ્લોક અને સ્ટેચ્યુ સ્ટેન્ડ બનાવવામાં આવશે,ટેન્ડર તા.૯ ઓક્ટોબરે ખુલી જશે અને તુરંત જ વર્ક ઓર્ડર આપીને કામ ચાલુ કરાવી દેવામાં આવશે તેમ પાલિકા પ્રમુખ જુગલદાસ ગરોએ જણાવ્યું હતું.

**વિકાસકાર્યોએ વેગ પકડયો છે**

**પાલિકાના કારોબારી અધ્યક્ષ ડો.દેવજીભાઈ પટેલના જણાવ્યા મુજબ નગરપાલિકા ધ્વારા વિકાસ કાર્યોને વેગ આપવામાં આવ્યો છે, શહેરના તમામ રસ્તાઓ પાકા કરવામાં આવનાર છે,વરસાદી પાણીના નિકાલ માટે પાંચ કરોડ રૂપિયાના ખર્ચે ગટર બનાવવાની કામગીરી પણ ચાલુ છે,જેથી શહેરમાં હવે વરસાદી પાણી ભરાવાની સમસ્યા નહિ રહે.**

**રવિધામનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થશે**

**પાલિકાના ટાઉનપ્લાનિંગ કમિટીના અધ્યક્ષ અંકુરભાઈ જોશીના જણાવ્યા મુજબ રવિધામ વિસ્તારમાં વર્ષોથી પીવાના પાણીની સમસ્યા છે,જે ટૂંક સમયમાં હલ થઈ જશે,આ માટે ગંગેશ્વર મંદિર પાસે પાણીની ઊંચી ટાંકી અને સંપનું કામ ટૂંકમાં જ ચાલુ કરવામાં આવનાર છે,વર્કઓર્ડર આપી દેવામાં આવ્યો છે.આ ઉપરાંત મીરાંદરવાજાથી શાંતિધામ સુધી ડામર રોડનું કામકાજ પણ શરુ કરવામાં આવનાર છે.**

# બહુચરાજીમાં પીવાના પાણીની વિકટ સમસ્યા યથાવત

## રૂા. ૨.૭૨ કરોડનો પ્રોજેકટ અટવાયો

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીમાં છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની વિકટ સમસ્યા જોવા મળે છે. પરંતુ સત્તાધીશોની ઉદાસીનતાના કારણે આ પ્રશ્ન ઠેરનો ઠેર રહ્યો હતો. તાજેતરમાં રૂર્બન પ્રોજેકટ અંતર્ગત યાત્રાધામને નર્મદા યોજનાનું પીવાનું મીઠું પાણી પુરૂ પાડવા રૂા. ૨.૭૨ કરોડનો પ્રોજેકટ તૈયારી કરી રાજય સરકારની મંજૂરી માટે મોકલી અપાયો છે. પરંતુ હાલ વિકાસ કમિશ્નરની સહીના વાંકે કામ ફાઈલમાં અટવાઈ પડયું છે. જો આ પ્રોજેકટને વહેલી તકે મંજૂરી મળે તો યાત્રાધામનો મીઠા પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ થઈ શકે તેમ છે.

યાત્રાધામ બહુચરાજીમાં ૧૦ વર્ષ અગાઉની વસતીના ધોરણે પીવાના પાણીની વ્યવસ્થા કરાયેલી છે. જેમાં ચાંદણકીના બોરનું પાણી તેમજ નર્મદા યોજનાનું પાણી અપાય છે. પરંતુ ૧૦ વર્ષમા ચારેબાજુ સોસાયટી વિસ્તારમાં ઘરખમ વધારો થયો છે. બીજી બાજુ આ વિસ્તારમાં મારૂતિ-સુઝુકી અને હોન્ડા સહિતની કંપનીઓ આવતાં તેમના કામદારો વગેરે પણ બહુચરાજીમાં રહેતા હોઈ પાણીનો વપરાશ ખૂબ વધી ગયો છે. સામે મર્યાદિત સોર્સના કારણે પીવાનું પાણી આંતરા દિવસે આપવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેને કારણે રહીશોને ના છૂટકે પાણીના કેરબા પૈસા ખર્ચીને મગાવવા પડે છે. પીવાના પાણીની આ સમસ્યાને ધ્યાને લઈ નર્મદા યોજના મોઢેરા કચેરી દ્વારા રૂા. ૨.૭૨ કરોડનો એક પ્રોજેકટ તૈયાર કરાયો હતો. પરંતુ તત્કાલીન સત્તાધીશોની અણ આવડત અને ઉદાસી નતાના કારણે આ પ્રોજેક્ટ ફાઈલમાંથી આગળ વધી શકયો ન હતો. આ બાબત વર્તમાન સરપંચ દેવાંગ પંડ્યાના ધ્યાને આવતાં તેમણે ફરી ફાઈલ કાર્યાન્વતી કરાવી હતી. જેમાં નર્મદા વિભાગના અધિકારીઓ દ્વારા તૈયાર કરાયેલો પ્રોજેક્ટ જિલ્લા વિકાસ અધિકારી મહેસાણાની ભલા મણથી આખરી મંજૂરી માટે વિકાસ કમિશ્નર ગુજરાત રાજય ગાંધીનગરને મોકલી અપાઈ છે. પરંતુ ત્યાં હાલ આ ફાઈલ સહી થવાના વાંકે પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, પાણી પુરવઠા વિભાગ મુખ્ય ઈજનેર ઝોન-૨ અમદાવાદ દ્વારા પાણીના આ પ્રોજેક્ટને તાંત્રિક મંજૂરી આપી દેવાઈ છે. પરંતુ સમગ્ર પોજેક્ટનો રૂર્બન યોજનામાં સમાવેશ કરાયો હોઈ તેની આખરી મંજૂરી વિકાસ કમિશ્નર દ્વારા અપાતી હોય છે. હાલ પ્રોજેકટ તેના અંતિમ તબક્કે છે અને સહી થતાં યાત્રાધામનો પીવાના મીઠા પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ થઈ શકે તેમ છે.

**શું છે પ્રોજેકટ**

**નર્મદા યોજના આધારિત રૂા. ૨.૭૨ કરોડના આ પ્રોજેક્ટમાં નર્મદા યોજનાની કાલરી હેડવર્કસ સાઈટથી સ્પેશિયલ પિવાના પાણીની પાઈપલાઈન નાખવામાં આવશે. આ પાઈપ લાઈન દ્વારા યાત્રાધામની ચારેય ઓવરહેડ ટાંકીઓ તેમજ સમ્પમાં પાણી ભરવામાં આવશે. જ્યાંથી જે-તે વિસ્તારમાં પાણીનું વિતરણ થતાં પૂરતા પ્રમાણમાં અને નિયમિત રીતે પાણી વિતરણ શકય બનશે.**

# આતંકી આશ્રય સ્થાન ખત્મ કરવા ભારતથી આર્થિક લાભ મળી શકે છે : અમેરિકા

વોશિંગ્ટન

પાકિસ્તાન જો પોતાની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને નિભાવવાની પધ્ધતિ શોધી લે અને પોતાની જમીનને આતંકવાદીઓ માટે પનાહગાહ ન બનવા દે તો તેને ભારત તરફથી ખુબ આર્થિક લાભ મળી શકે છે.અમેરિકાના રક્ષા મંત્રી જિમ મૈટિસે સેનેટની પ્રભાવશાળી સશસ્ર્દ સેવા સમિતિના સભ્યોને આ વાત કહી છે તેમણે કહ્યું કે સરકારનું વલણ ખુબ સ્પષ્ટ છે અને પાકિસ્તાને તેની જે અપેક્ષા છે તેને લ ઈ તે દ્રઢ છે તથા તેના પ્રશાસન પરિવર્તન લાવવા માટે સરકારના તમામ આયામોનો ઉપયોગ કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપના દક્ષિણ એશિયા નીતિ જાહેર કરવાના કેટલાક અઠવાડીયા બાદ આ નિવેદન આવ્યું છે દક્ષિણ એશિયા નીતિમાં ટ્રંપે પાકિસ્તાનની વિરૂધ્ધ કડક નીતિ અપનાવી છે મૈટિસે કહ્યું કે નિશ્ચિત રીતે એક પડોસી તરીકે ભારતનની મહત્વપૂર્ણ ભૂમિકા છે જો પાકિસ્તાન પોતાની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને નિભાવવાની પધ્ધતિ શોધી લે છે તથા દેશની અંદર કોઈ પણ રીતના આશ્રય સ્થાનને ખત્મ કરે છે તો તેને યોગ્ય આર્થિક લાભ થઈ શકે છે.

# ઈડર - બડોલી બસમાંથી ત્રણ વર્ષની બાળકી મળી આવી

મોડાસા

ઈડર- બડોલી એસ.ટી. બસમાંથી પરિવારજનોથી વિખુટી પડેલી એક ત્રણેક વર્ષની બાળકી બિનવારસી મળી આવતા બસના કંડકટરે ભીલોડા પોલીસ સ્ટેશનો બાળકીને સોંપી હતી.

જાણવા મુજબ ઈડર-બડોલી બસમાં પરિવારથી વિખુટી પડેલી ત્રાણેક વર્ષની બાળકી મળી આવતાં બસના કંડક્ટરે મુસાફરોને આ બાળકી બાબતની પુછપરછ કરતાં કોઈ વાલી વારસ ન મળતાં બાળકીને ભીલોડા પોલીસ મથકે સુપ્રત કરવામાં આવી હતી.

જયારે ત્રણ વર્ષની બાળકીને પૂછતાં તે કશું જણાવી શકી ન હતી. પોલીસને તેણીના વાલી વારસોની માહિતી ન મળતાં નારી સંરક્ષણ ગૃહમાં બાળકીને સોંપવામાં આવી હતી.